dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26
Year - 7 | Issue - 215 | AD - 2024, Vaishakh sud - 01 | Thursday, Dt.09-05-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

## તમારા એક મતથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી અને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત થઈ

**તેલંગાણાને આ પક્ષોની ભ્રષ્ટ ચુંગાલમાંથી બચાવવાની જરૂર છે**

# કોંગ્રેસ પાર્ટીએ દેશની અર્થવ્યવસ્થા બરબાદ કરી દીધી : પ્રધાનમંત્રી મોદી

(એ.આર.એલ),કરીમનગર,તા.૮

હાલ દેશમાં ચૂંટણીની મોસમ ચાલી રહી છે. અત્યાર સુધીમાં, ત્રણ તબક્કા દરમિયાન ઘણા રાજ્યોમાં મતદાન થયું છે અને હજુ ઘણા રાજ્યોમાં મતદાન થવાનું બાકી છે. આ સાથે ચૂંટણી પ્રચાર પણ જોરશોરથી ચાલી રહ્યો છે. તેનું ઉદાહરણ વડાપ્રધાન નરેન્દ્ર મોદી છે. તેઓએ આજે બે રાજ્યોમાં ત્રણ રેલી અને રોડ શોમાં હાજરી આપી હતી. તેલંગાણાના કરીમનગરમાં એક જનસભાને સંબોધિત કરતા વડાપ્રધાને કોંગ્રેસ અને વિપક્ષી ગઠબંધન પર જોરદાર નિશાન સાધ્યું હતું. પીએમ મોદીએ કહ્યું, 'દેશમાં ત્રીજા તબક્કાની ચૂંટણી પૂર્ણ થઈ ગઈ છે. ત્રીજા તબક્કામાં કોંગ્રેસ અને ભારત ગઠબંધનનો ત્રીજો ફ્યૂઝ ફૂંકાયો છે. ચૂંટણીના હજુ ચાર તબક્કા બાકી છે. જનતાના આશીર્વાદથી ભાજપ અને એનડીએ ઝડપથી વિજય રથને આગળ લઈ જઈ રહ્યા છે. અહીં તમે પહેલાથી જ બીજેપી સાંસદની જીત સુનિશ્ચિત કરી લીધી છે. કોંગ્રેસની હાર અહીં એટલી નિશ્ચિત છે કે તે બહુ મુશ્કેલીથી કોઈને પણ ચૂંટણી લડવા માટે રાજી કરવામાં સફળ રહી હતી. અહીં બીઆરએસનો કોઈ પત્તો નથી. તેમણે આગળ કહ્યું, 'તેલંગાણાના લોકોએ છેલ્લા ૧૦ વર્ષમાં મારું કામ જોયું છે. તમારા એક મતે ભારતને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવી છે. તમારા એક મતથી કલમ ૩૭૦ નાબૂદ કરવામાં આવી અને જમ્મુ અને કાશ્મીરમાં શાંતિ અને સમૃદ્ધિ સુનિશ્ચિત કરવામાં આવી. તમારા એક મતે ભારતને સંરક્ષણ આયાતકારમાંથી સંરક્ષણ નિકાસકારમાં પરિવર્તિત કર્યું.મોદીએ કહ્યું, 'મેં ઘણાં વર્ષોથી ગુજરાતમાં કામ કર્યું છે. હું ત્યાંની તમામ ચૂંટણી જીતતો હતો. પરંતુ ગુજરાતમાં પણ જો



મારે સવારે ૧૦ વાગ્યે મોટી રેલી યોજવી હોત તો હું તે ક્યારેય કરી શક્યો ન હોત અને આટલી મોટી સંખ્યામાં તમારી હાજરી એ અમારા પ્રત્યેના તમારા પ્રેમ અને સમર્થનનો પુરાવો છે. તેમણે કહ્યું, 'તેલંગાણા અને આપણો આખો દેશ સંભાવનાઓથી ભરેલો છે. પરંતુ કોંગ્રેસ પાર્ટીએ તેના સમગ્ર શાસનકાળ દરમિયાન આપણા લોકોની ક્ષમતાને નષ્ટ કરવા સિવાય કશું કર્યું નથી. કોંગ્રેસ પાર્ટીએ આપણી અર્થવ્યવસ્થાને બરબાદ કરી, કૃષિ અને કાપડ ક્ષેત્રને નુકસાન પહોંચાડ્યું. કોંગ્રેસ દેશની સૌથી મોટી સમસ્યાઓની માતા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે, 'ભાજપ રાષ્ટ્ર પ્રથમ'ના સિદ્ધાંતને અનુસરે છે. પરંતુ બીજી તરફ, કોંગ્રેસ અને બીઆરએસ તેલંગાણામાં 'ફેમિલી-ફર્સ્ટ' સિદ્ધાંત પર ચાલે છે. કોંગ્રેસ અને બીઆરએસ સંપૂર્ણપણે પરિવાર દ્વારા, પરિવાર માટે, પરિવાર માટે છે. આ બંને પક્ષો એક જ સિક્કાની બે બાજુઓ છે. કોંગ્રેસ અને બીઆરએસને કોણ જોડે છે? કોંગ્રેસ અને બીઆરએસને જે જોડે છે તે ભ્રષ્ટાચાર, તુષ્ટિકરણની રાજનીતિ અને ઝીરો ગવર્નન્સનું મોડલ છે. તેથી, આપણે તેલંગાણાને આ પક્ષોની ભ્રષ્ટ ચુંગાલમાંથી બચાવવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યું કે, 'પરિવારની આ નીતિને કારણે જ કોંગ્રેસે પહેલા પીવી નરસિમ્હા રાવનું અપમાન કર્યું અને તેમના મૃત્યુ પછી કોંગ્રેસ કાર્યાલયમાં તેમના પાર્થિવ દેહને પ્રવેશ આપવાનો પણ ઈનકાર કર્યો. ભાજપ-એનડીએ સરકારે પીવી નરસિમ્હા રાવને ભારત રત્ન આપીને સન્માનિત કર્યા. પીએમ મોદીએ કહ્યું, 'ભ્રષ્ટાચાર એક ફેવિકોલ છે જે કોંગ્રેસ અને બીઆરએસનું સામાન્ય પાત્ર છે. બંને એકબીજા પર ભ્રષ્ટાચારના આરોપો લગાવે છે પરંતુ પાછલા બારણેથી બંને એક જ ભ્રષ્ટાચાર સિન્ડિકેટનો ભાગ છે. બીઆરએસના લોકો કોંગ્રેસ પર વોટ માટે રોકડનો આરોપ લગાવતા હતા, પરંતુ જ્યાં સુધી તેઓ સત્તામાં હતા ત્યાં સુધી તેમણે ક્યારેય તપાસ કરી? જ્યારે કોંગ્રેસ વિપક્ષમાં હતી, ત્યારે તેઓ બીઆરએસ પર કલેશ્વરમ કૌભાંડનો આરોપ લગાવતા હતા, તેઓ દરરોજ હંગામો મચાવતા હતા. આટલા દિવસોથી અહીં કોંગ્રેસની સરકાર છે પરંતુ કોઈ તપાસ થઈ નથી.

# એરલાઈનના ક્રૂ મેમ્બર રજા પર ઉતરતા ૮૦થી વધુ ફ્લાઈટ્સ રદ

નવીદિલ્હી,તા.૮

એર ઈન્ડિયા એક્સપ્રેસ સતત વિવાદોમાં રહે છે. જ્યાં થોડા દિવસો પહેલા ટાટા ગ્રૂપની માલિકીની એરલાઈનના ક્રૂ મેમ્બરોએ એરલાઈનમાં ગેરવહીવટનો આરોપ લગાવ્યો હતો. તે જ સમયે, જો સૂત્રોનું માનીએ તો, એર ઈન્ડિયા એક્સપ્રેસે ક્રૂની અછતને કારણે ઘણી ફ્લાઈટ્સ રદ કરી છે. એર ઈન્ડિયા એક્સપ્રેસની ૮૦ થી વધુ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. મળતી માહિતી મુજબ, એરલાઈનના ક્રૂ મેમ્બર મોટાભાગે બીમારીનું કારણ આપીને રજા પર ગયા છે. આવી સ્થિતિમાં, આ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. નાગરિક ઉડ્ડયન સત્તાવાળાઓ આ મુદ્દા પર નજર રાખી રહ્યા છે. તમને જણાવી દઈએ કે, ટાટા ગ્રુપ યુનિટ એર ઈન્ડિયા એક્સપ્રેસ એઆઈએક્સ કનેક્ટ (અગાઉ એરએશિયા ઈન્ડિયા)ને પોતાની સાથે મર્જ કરવાની પ્રક્રિયામાં છે. જેને લઈને આ એરલાઈનના ક્રૂ મેમ્બર્સમાં છેલ્લા કેટલાક સમયથી ગુસ્સો જોવા મળી રહ્યો છે. સૂત્રોએ જણાવ્યું હતું કે એરલાઈનમાં કથિત ગેરવહીવટના વિરોધમાં ૨૦૦ થી વધુ ક્રૂ મેમ્બરોએ નારા બોલાવ્યા હોવાનું માનવામાં



આવે છે. ક્રૂ મેમ્બર્સની અછતને કારણે મંગળવારે રાતથી ઓછામાં ઓછી ૮૦ ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે અને ઘણી વિલંબિત થઈ છે. તે જ સમયે, કોચી, કાલિકટ અને બેંગ્લોર સહિત વિવિધ એરપોર્ટ પર ફ્લાઈટ્સ ખોરવાઈ રહી છે. ગયા મહિને, એર ઈન્ડિયા એક્સપ્રેસ ક્રૂના જૂથનું પ્રતિનિધિત્વ કરતા કર્મચારી યુનિયને એરલાઈનમાં ગેરવહીવટનો આક્ષેપ કર્યો હતો. તેઓએ કહ્યું કે કર્મચારીઓ સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો છે. યુનિયને દાવો કર્યો હતો કે તેમને લગભગ ૩૦૦ કર્મચારીઓની ફરિયાદો મળી છે. મેનેજમેન્ટ દ્વારા ખરાબ વર્તન કર્મચારીઓના મનોબળ પર નકારાત્મક અસર કરે છે. ઘણા મુસાફરોએ બુધવારે સોશિયલ મીડિયા પર અચાનક ફ્લાઈટ્સ રદ થવાની ફરિયાદ કરી હતી. એર ઈન્ડિયા એક્સપ્રેસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક મુસાફર દ્વારા કરવામાં આવેલી પોસ્ટમાં માફી માંગી હતી. એરલાઈને કહ્યું, 'અમારી સેવા પુનઃપ્રાપ્તિ પ્રક્રિયા હેઠળ, તમે કાં તો આગામી સાત દિવસમાં ફ્લાઈટને ફરીથી શેડ્યૂલ કરવાનું પસંદ કરી શકો છો અથવા અમારા ચેટ બોટ ટિયા દ્વારા રિફંડની વિનંતી કરી શકો છો.







# લોકોમાં ગંભીર આડઅસરનો મામલો સામે આવ્યા બાદ એસ્ટ્રાઝેનેકાએ રસી પાછી ખેંચી

નવીદિલ્હી,તા.૮

કોરોના વેક્સીન બનાવતી જાયન્ટ એસ્ટ્રાઝેનેકાએ માર્કેટમાંથી તમામ વેક્સીન પરત મંગાવવાનો નિર્ણય લીધો છે. રસીકરણ બાદ લોકોમાં ગંભીર આડઅસરના મામલા સામે આવ્યા બાદ કંપનીએ આ નિર્ણય લીધો છે. આમાં ભારતમાં બનેલી કોવિશિલ્ડ રસીનો પણ સમાવેશ થાય છે. હવે કંપની વૈશ્વિક સ્તરે તેની તમામ રસીઓ પરત મંગાવી રહી છે. તમને જણાવી દઈએ કે તાજેતરમાં જ કંપનીએ કોર્ટમાં રસી લગાવ્યા બાદ ગંભીર આડઅસરનો સ્વીકાર કર્યો હતો. જો કે, કંપનીએ બજારમાંથી રસી પરત મંગાવવા પાછળ બીજું કારણ આપ્યું છે. એસ્ટ્રાઝેનેકા વૈશ્વિક ફાર્માસ્યુટિકલ કંપની છે. તે કોવિશિલ્ડના નામથી ભારતમાં કોરોના રસીનું ઉત્પાદન કરી રહી છે. કંપનીએ ભારતમાં તેની રસી પણ પરત મંગાવી છે. ટેલિગ્રાફને ટાંકીને એસ્ટ્રાઝેનેકાએ કહ્યું કે અમે વૈશ્વિક રોગચાળાને સમાપ્ત કરવા માટે ઘણા પ્રયત્નો કર્યા છે અને અમને તેના પર ગર્વ છે. કંપનીએ કહ્યું કે એક અંદાજ મુજબ, ફક્ત અમારી રસીના ઉપયોગના પ્રથમ વર્ષમાં ૬.૫ મિલિયનથી વધુ લોકોના જીવન બચાવી શકાયા છે અને વૈશ્વિક સ્તરે ત્રણ અબજથી વધુ ડોઝ પૂરા પાડવામાં આવ્યા હતા. તમને જણાવી દઈએ કે તાજેતરમાં એક્ટ્રેઝેનેકાએ કોર્ટમાં સ્વીકાર્યું હતું કે તેની રસી લોહી ગંઠાઈ જવા જેવી ગંભીર આડઅસર કરી શકે છે.

એસ્ટ્રાઝેનેકા દ્વારા ઉત્પાદિત કોરોના રસી ટીટીએસ થ્રોમ્બોસિસ થ્રોમ્બોસાયટોપેનિયા સિન્ડ્રોમનું કારણ હોવાનું નોંધાયું હતું. એસ્ટ્રાઝેનેકા દ્વારા બનાવવામાં આવેલ વેક્સેવરિયા નામની રસી યુકે સહિત ઘણા દેશોમાં સપ્લાય કરવામાં આવી હતી અને આ રસી દુર્લભ આડઅસરો માટે પણ તપાસ હેઠળ છે. ટીટીએસના કારણે યુકેમાં ઓછામાં ઓછા ૮૧ લોકોના મોત થયા છે.












## મતદાનના આંકડા બાદ બંને પક્ષોએ પોતાની જીતના દાવા કર્યા

# અમરેલી લોકસભાની સીટ કોણ જીતશે? તેની જ ચર્ચાઓ

### ગત વખત કરતા ૫% ઓછા મતદાનથી પક્ષોની ઉંઘ ઉડી

અમરેલી,તા. ૮

લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે ત્રીજા તબક્કામાં અમરેલી સહિત રાજ્યની ૨૫ સીટો પર મતદાન થયું છે. અમરેલીમાં મતદાનની સાથે-સાથે ચૂંટણીની ચર્ચા જામી હતી. મતદાન માટે જાહેર રજા હોવાથી ચાની કિટલીઓ, પાનના ગલ્લાઓ, સોસાયટીના ચોક તથા સોશિયલ મીડિયામાં ચૂંટણી અંગેની જ ચર્ચાઓ ચાલી હતી. શું લાગે? કોણ જીતશે? જેવા સવાલો સાથે ચૂંટણી ચોરો જામ્યો હતો. સાથે જ મતદાન કર્યા બાદ સોશિયલ મીડિયામાં લોકોએ સેલ્ફી શેર કરી હતી. અમરેલી સંસદીય બેઠક પર તા. ૭ મેના દિવસે સવારે ૭ વાગ્યાથી સાંજે ૬ વાગ્યા સુધી લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટે મતદાન પ્રક્રિયા ચાલી હતી. મતદાનની સાથે-સાથે ઠેર-ઠેર ચૂંટણીનો ચોરો જામ્યો હતો. અમરેલી લોકસભા બેઠક પર ધીમી ગતિએ મતદાન થઈ રહ્યું હતું પરંતુ મતદાનને લઈ ચાની કિટલીઓ, પાનના ગલ્લાથી લઈ સોશિયલ મીડિયામાં ચૂંટણીની ચર્ચાઓ જામી હતી. મતદાન માટે જાહેર રજા હોવાથી મતદાન કર્યા બાદ અને ખાસ તો સાંજના સમયે શું લાગે છે? અમરેલીની સીટ કોણ જીતશે? તેવી ચર્ચાઓ જામી હતી. શહેરના રાજકમલ ચોક, ભીડભંજન ચોક, લાઠી રોડ, હીરામોતી ચોક સહિતના વિસ્તારોમાં ચાની દુકાનો તથા પાનના ગલ્લાઓ પર લોકો ચૂંટણીની ચર્ચા કરતા દેખાયા હતા તો વળી સોસાયટીઓમાં સાંજના સમયની બેઠકોમાં પણ ચૂંટણીની ચર્ચાઓ જામી હતી. અમરેલી લોકસભા બેઠક કોણ જીતશે? ગુજરાતમાં ભાજપ ૨૬માંથી ૨૬ બેઠકો જીતશે કે નહી? જેવી ચર્ચા ટોક ઓફ ધ ટાઉન બની હતી. સાથે જ કેટલા ટકા મતદાન થયું તેના પર પણ દરેક નાગરિકોએ નજર રાખી હતી. સોશિયલ મીડિયામાં મતદાન કર્યા બાદ મોટાભાગના મતદારોએ પોતાની સેલ્ફીઓ શેર કરી હતી. તેમજ સોશિયલ મીડિયામાં જુદાં-જુદાં પ્લેટફોર્મ પર રાજકીય પાર્ટીઓના સમર્થકોના વાક્બાણ પણ જોવા મળ્યા હતા. જો કે સાંજ સુધીમાં અમરેલી લોકસભા બેઠકના આંકડા જાહેર થતા જ રાજકીય પક્ષોમાં સોપો પડી ગયો હતો. રાજ્યમાં મતદાનની ટકાવારીમાં અમરેલી છેલ્લે રહ્યું હતું.

### આગેવાનો પક્ષપલટો કરીને પણ વધુ મતદાન કરાવી શક્યા નહી

અમરેલી લોકસભાની ચૂંટણી પૂર્વે ભાજપમાં ભળવા માટે આગેવાનોની હોડ લાગી હતી. કોંગ્રેસ અને આપના અસંખ્ય કાર્યકરો ભાજપમાં જોડાયા હતા. તો ભાજપના આગેવાનો કોંગ્રેસમાં જોડાયા હતા પરંતુ જે રીતે પક્ષના આગેવાનોએ પક્ષપલટો કર્યો તેને જોતા ગત વખતની લોકસભાની ચૂંટણી કરતા આ લોકસભામાં ૫% જેટલુ ઓછુ મતદાન નોંધાયુ હતું. ત્યારે મતદારોએ કોના પર વિશ્વાસ વ્યકત કર્યો છે તે આગામી તા.૪ જૂનના રોજ ખબર પડશે.

# કુંકાવાવ તાલુકાના સનાળા ગામે વૃધ્ધનું ૧૦૭ વર્ષની ઉંમરે મતદાન

અમરેલી, તા.૮



અમરેલી જિલ્લામાં મતદાનના દિવસે મહિલા અને પુરૂષો તેમજ યુવાનોએ હોંશે હોંશે મતદાન કર્યુ હતું અને પોતાની નાગરિક તરીકેની ફરજ અદા કરી હતી. ત્યારે તેમાં પાકટ લોકો પણ બાકાત નથી અને મતદાન કરીને પોતાની ફરજ નિભાવી હતી. જેમાં અમરેલી જિલ્લાના કુંકાવાવ તાલુકાના સનાળા ગામના વૃદ્ધ મનજીબાપા વસાણીએ ૧૦૭ વર્ષની ઉંમરે પણ મતદાન કરી અને લોકશાહીને મજબુત કરવા પોતાનું યોગદાન આપ્યું હતું.

# 'હુ તો મતદાન કરીશ જ'ના જુસ્સા સાથે રેબડી નેસના મતદારોએ મતદાન કર્યું

અમરેલી,તા.૮

લોકસભા સામાન્ય ચૂંટણી અન્વયે અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં નાગરિકોએ મતદાન કર્યુ હતું. ખાંભા તાલુકાના રેબડી નેસના મતદારોને મતદાન માટે મતદાન મથક સુધી પહોંચવા અને પરત ફરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા વાહન સુવિધા આપવામાં આવી હતી. ભૌગોલિક રીતે વિશેષતાઓ ધરાવતા વિસ્તારના નાગરિકોએ મતદાન કર્યુ હતું. કોઈપણ પરિસ્થિતિ હોય, 'હું તો મતદાન કરીશ જ' ના જુસ્સા સાથે મતદાતાએ વ્હીલચેર અને સહાયકની મદદ મેળવી મતદાન મથક સુધી પહોંચીને મતદાનનો નિર્ધાર કર્યો હતો. આ મતદારે



મતદાન કરી અચૂક મતદાનનો સંદેશ આપ્યો હતો. અમરેલી જિલ્લાના વિવિધ વિસ્તારોમાં યુવા મતદાતાઓએ પ્રથમવાર એકસાથે મતદાન કરી મતદાતાઓને મતદાન માટે અનુરોધ કર્યો હતો. ઔદ્યોગિક વિસ્તારના નાગરિકોએ પણ મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યેની તેમની ફરજ અદા કરી હતી. મતદાન મથકે પહોંચવા, પરત ફરવા માટે જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા આયોજન કરાયું હતું.

# સાવરકુંડલા ખાતે અખાત્રીજના દિવસે પરશુરામ જન્મોત્સવ ઉજવાશે

### શોભાયાત્રા સહિત વિવિધ ધાર્મિક કાર્યક્રમોની ઉજવણી કરાશે

સાવરકુંડલા,તા.૮

આગામી તા.૧૦ મે શુક્રવારના રોજ અખાત્રીજના શુભ દિવસે ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર ભગવાન પરશુરામ દાદાનો જન્મોત્સવ હોય તો એ નિમિત્તે સાવરકુંડલામાં પરશુરામ સેના આયોજિત પરશુરામ ભગવાન પ્રાગટ્ય મહોત્સવની ભવ્ય રીતે ઉજવણી થશે. સાંજે ૫:૦૦ વાગ્યે પૂજા થશે. ૫:૩૦ કલાકે શોભાયાત્રા નીકળશે અને રાત્રે ૮:૦૦ કલાકે બ્રહ્મચોર્યાશીનું આયોજન કરેલ છે. જેમનું સ્થળ કબીર ટેકરી સાવરકુંડલા રાખેલ છે.

# જિલ્લામાં મતદાન પૂર્વે જ ૨૨ વીવીપેટમાં ક્ષતિ સર્જાઈ

અમરેલી,તા.૮



અમરેલી જિલ્લાના જુદાજુદા વિસ્તારમાં સવારમાં મતદાન શરૂ થતા પહેલા જ ૨૨ વીવીપેટમાં ટેકનીકલ ક્ષતિ દેખાઈ હતી. આવી જ રીતે કંટ્રોલ યુનિટની ચકાસણી કરતી વખતે ૯ મશીનમાં ટેકનીકલ ફોલ્ટ જોવા મળ્યો હતો. જયારે ૭ બેલેટ યુનિટમાં પણ આવી જ ખામી નજરે પડી હતી. મતદાનના આરંભ પહેલા જ આ ચકાસણી થતી હોય તુરંત બગડેલા મશીનોની જગ્યાએ નવા મશીનો લગાવી દેવાયા હતા. દરેક ઝોનલ અધિકારીને આવા બે-બે યુનિટ રીઝર્વમાં અપાયા હતા. જેને પગલે તે બદલવાની કામગીરી સમયસર થઈ શકી હતી. જો કે આના કારણે મતદાનની પ્રક્રિયા પર કોઈ અસર પડી ન હતી. આ જુદીજુદી મશીનરીઓમાં અલગ અલગ ૧૬ પ્રકારની એરર આવી શકે છે. જો કે મતદાન પૂર્વે જ વીવીપેટ બદલી નાખવામાં આવતા મતદાનમાં કોઈ અડચણ આવી નહોતી.

# જાણીતા તબીબ અને સેવાભાવી ડો.જી.જે. ગજેરાને જન્મદિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવાઈ

અમરેલી, તા.૮



અમરેલીમાં વર્ષોથી તબીબી ક્ષેત્રે નામાંકિત અને પ્રખર હિન્દુવાદી તેમજ આઈએમએના પ્રેસિડેન્ટ અને આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના સૌરાષ્ટ્ર પ્રાંતના અધ્યક્ષ ડો.જી.જે. ગજેરાનો આજે જન્મદિવસ છે ત્યારે તેમના શુભચિંતકો અને પરિવારજનો તેમજ આં.હિં.પ.ના તમામ સભ્યો તેમજ ડોકટર એસોસિએશનના તમામ સભ્યો અને બજરંગ દળ દ્વારા તેમને દીર્ઘ અને નિરોગી જીવન માટેની શુભકામનાઓ પાઠવવામાં આવી છે.

# અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાએ પરિવારજનો સાથે મતદાન કર્યું

સાવરકુંડલા, તા.૮



લોકશાહીના મહાપર્વની ઉજવણીના ભાગરૂપે લોકસભા ચૂંટણી - ૨૦૨૪ અંતર્ગત મતાધિકારનો ઉપયોગ કરવા સાવરકુંડલા વિધાનસભાના બુથ નં. ૧૫૫ ખાતે અમરેલી જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયાએ પરિવારજનો અને દિવ્યાંગજનો તેમજ વયોવૃદ્ધોને સાથે રાખી મતદાન કરી, લોકશાહીના પર્વમાં સહભાગી થઈને પોતાની ફરજ નિભાવી હતી.

# અમરેલીમાં કાશીથી આવેલ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા યજ્ઞોપવિત સંસ્કાર કરાયા

અમરેલી,તા.૮



અમરેલીમાં શાસ્ત્રી રમેશભાઈ ઠાકરના દીકરાની કાશીમાં અભ્યાસ કરેલ વિદ્વાન બ્રાહ્મણો દ્વારા યજ્ઞોપવિત સંસ્કારની વિધિ કરવામાં આવી હતી. આ સમગ્ર આયોજન ભારતીબાની વાડી અમરેલી તથા ધારી લિઓનિયા-રીસોર્ટ આંબરડી સફારી પાર્કમાં કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં તમામ આમંત્રિતો ઉપરાંત વિદ્વાન શાસ્ત્રીઓ, ધારાશાસ્ત્રી ઉદયનભાઈ ત્રિવેદી, બકુલભાઈ પંડ્યા, ઝાલાવાડી બ્રહ્મસમાજના પ્રમુખ તનસુખભાઈ ઠાકર, પી.પી. જાની, રમેશભાઈ પંડ્યા, દિલીપભાઈ મહેતા, મલયભાઈ, જવાહરભાઈ, અમરેલી જિલ્લા સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા, અશ્વિનભાઈ ત્રિવેદી, બસુદાદા તથા ડીવાયએસપી ઠાકર (ભાવનગર) સહિતના મહાનુભવો હાજર રહ્યાં હતાં.

# રાજુલા ખાતે પરશુરામ જયંતી નિમિત્તે શોભાયાત્રા અને મહાઆરતીનું આયોજન

રાજુલા, તા.૮

રાજુલા ખાતે ૧૦ મેના રોજ સમસ્ત બ્રહ્મસમાજ અને જય પરશુરામ યુવા ગ્રુપ - રાજુલા દ્વારા ભગવાન પરશુરામદાદાના જન્મોત્સવનાં શુભ પ્રસંગે બ્રહ્મચોર્યાસી, ભવ્ય શોભાયાત્રા તથા મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. શોભાયાત્રા




રાજુલાના વિવિધ માર્ગો ઉપર પસાર થઈને સમસ્ત બ્રહ્મસમાજ કોમ્યુનિટી હોલ ખાતે પહોંચશે જયાં ભગવાન પરશુરામની ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવેલ છે. ત્યારબાદ રાજુલા બ્રહ્મસમાજનું ભવ્ય બ્રહ્મચોર્યાસીનું આયોજન કરવામાં આવેલ છે. આ માટે સમસ્ત બ્રહ્મસમાજનાં પ્રમુખ ભાનુભાઈ રાજગોર, મનોજભાઈ વ્યાસ, ટ્રસ્ટી પ્રવિણભાઈ ત્રિવેદી (એડવોકેટ), કનકભાઈ જાની, પરશુરામ યુવા ગ્રુપનાં કાર્યકરો ભરતભાઈ મહેતા, હરેશભાઈ તેરૈયા, ભરતભાઈ જાની, જીતુભાઈ તેરૈયા, જયેશભાઈ ત્રિવેદી, પ્રફુલભાઈ રાજયગુરૂ, રાકેશભાઈ જોષી, સંજીવભાઈ જોપી, ચીરાગભાઈ જોષી આ ભવ્ય શોભાયાત્રાની તડામાર તૈયારીઓ કરી રહ્યા છે.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ, રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




મુકેશ સંઘાણી
94281 45595
New Number
97230 67130
હર્ષદ સંઘાણી
98242 33314
હાઈડ્રોલીક લીફ્ટ નંગ - ૨ વેચવાની છે સંપર્ક કરો
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?
વ્યાજબી ભાવ શ્રેષ્ઠ ગ્રાહક સેવા ગુણવતાયુકત કામ પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ



મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

# લીલીયાના જાત્રોડામાં વાડીમાં મુકેલા વીજકરંટથી ત્રણ નીલગાયના મોત

અમરેલી, તા.૮

લીલીયા વન્યજીવ રેન્જના સલડી રાઉન્ડ નીચે આવતા જાત્રોડા ગામે અશોકભાઈ નારણભાઈ ડાવરાએ પોતાની માલિકીની વાડીએ પાણીના ધોરીયામાં વીજકરંટ પસાર કરી ત્રણ નીલગાયનું મોત નિપજાવતા સ્થાનિક RFO ગલાણીએ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી કરી એડવાન્સ રિકવરી પેટે રૂપિયા ૫૦૦૦૦/- દંડ લઈ ખેડૂતને જામીન પર મુક્ત કરવામાં આવ્યા હતા અને પી.જી.વી.સી.એલને અશોકભાઈ નારણભાઈ ડાવરાનું વાડીનું વીજ કનેક્શન રદ કરવા જાણ કરી છે. ઉલ્લેખનીય છે કે



અંટાળીયા, જાત્રોડા, કૃષ્ણગઢ વિસ્તારમાં મોટા પ્રમાણમાં સિંહો, કાળિયાર સહિતના વન્ય પ્રાણીઓનો વસવાટ હોય તેવા વિસ્તારનું રીચેકિંગ હાથ ધરવા સ્થાનિક પર્યાવરણ પ્રેમીઓએ માગણી કરી છે. આ કામગીરીમાં ફોરેસ્ટર અશોકભાઈ બાંભણીયા, તુષારભાઈ મહેતા, ચાવડાભાઈ સહિતનો સ્ટાફ જોડાયો હતો.

# અમરેલીમાં શ્રવણ પ્રસાદ કેન્દ્ર દ્વારા વડીલોને મતદાન કરાવાયું

અમરેલી,તા.૮

અમરેલીમાં શ્રવણ પ્રસાદ કેન્દ્ર દ્વારા સેવાકીય કાર્ય કરવામાં આવી રહ્યુ છે. અમરેલી શહેરના જુદા જુદા વિસ્તારમાં રહેતા ૧૨૦ જેટલા વૃદ્ધોને ઘરે બેઠા ટીફીન પહોંચાડવામાં આવે છે. ત્યારે લોકસભાની ત્રીજા તબક્કાની ચૂંટણી યોજાઈ હતી તેવા સમયે



રાષ્ટ્રના વિકાસ માટે વડીલોને વાહન મારફત લઈ જઈ શહેરના જુદા જુદા વિસ્તારમાં મતદાન કરાવ્યું હતું. ચૂંટણી દરમિયાન ટીફીન સેવાની સાથે સાથે વડીલોને મતદાન કરાવી સેવાકીય કાર્ય હાથ ધર્યું હતું. આ ઉપરાંત અમરેલીમાં દિકરાના ઘરે આશરો લેતા વડીલોએ પણ જુદા જુદા મતદાન બુથ પર મતદાન કર્યું હતું. શ્રવણ પ્રસાદ કેન્દ્રના સંચાલકો દ્વારા વડીલોને પણ મતદાન કરાવી લોકશાહીના પર્વની ઉજવણી કરી હતી.

# સાવરકુંડલા એસ.ટી.ડેપો ખાતે મુસાફરોને શરબત વિતરણ



સાવરકુંડલા,તા.૮

સાવરકુંડલામાં દિનેશચંદ્ર બાલચંદ સુંદરજી દોશી ચેરીટેબલ ટ્રસ્ટ સાવરકુંડલા સંચાલિત માતૃશ્રી ચંચળ બા વરિયાળી શરબત કેન્દ્ર એસ.ટી. ડેપો ખાતે છેલ્લા ચાર દિવસથી શરૂ થયેલ છે. જેમાં ઘણા મુસાફરો આ શરબતનો લાભ લઈ પોતાની આંતરડી ઠારી રહ્યા છે. અંદાજે ૩૦૦ થી ૪૦૦ લીટર શરબતનું દરરોજ વિતરણ થાય છે. ત્યારે આ ગરમીમાં મુસાફરો શરબત થકી ઠંડક મેળવી રહ્યા છે.

# મતદાન સમયે તંત્ર દ્વારા શરબત અને કોલ્ડ્રીંક્સની વ્યવસ્થા કરાઈ

અમરેલી,તા.૮

અમરેલી લોકસભામાં મતદાન પ્રક્રિયા દરમિયાન મતદાન કેન્દ્રો પર મતદારોને છાંયડો મળી રહે અને અસહ્ય તાપ સામે રક્ષણ મળી રહે તે માટે મતદાન મથકો પર શેડની વ્યવસ્થા કરવામાં આવી હતી. અમરેલી જિલ્લાના વિવિધ વિધાનસભા



મતવિસ્તારોમાં મતદારો માટે ગરમીના સમયગાળા દરમિયાન જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા શરબત તેમજ કોલ્ડ્રીંક્સની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી.

લોકશાહીના પર્વમાં મતદાન માટે આવતા મતદારોને કોઈપણ પ્રકારની અગવડ ન પડે તે માટે અમરેલી જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા સંનિષ્ઠ પ્રયાસ કરવામાં આવ્યો હતો.

# લોઠપુર ગામે પાણીની પાઈપલાઈનનું ધ્યાન રાખવાનું કહેતા ત્રિકમ માર્યું

જાફરાબાદ, તા.૮

જાફરાબાદના લોઠપુર ગામે રહેતા ભરતભાઈ પાંચાભાઈ ગુજરીયા (ઉ.વ.૩૨)એ મહેશભાઈ નનકાભાઈ લુણવરા સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપી તેમના ઘર પાસે ટ્રેક્ટર વડે ખાતર ભરતા હતા. તેમના ઘરની પાણીની પાઈપલાઈન ત્યાં હોવાથી તમે ખાતર ભરો છો પરંતુ મારી પાઈપલાઈન તૂટી ન જાય તેનું ધ્યાન રાખજો તેમ કહેતા સારું નહોતું લાગ્યું અને ગાળો આપી ત્રિકમ લઈ આવી મુંઢ ઈજા પહોંચાડી હતી. જાફરાબાદ ટાઉન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જે.જે. હિમાસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# વરિષ્ઠ અને દિવ્યાંગ નાગરિકોએ મતદાન કરી રાષ્ટ્ર પ્રત્યે કર્તવ્ય અદા કર્યું

અમરેલી,તા.૮

લોકશાહીના મહા પર્વ ચૂંટણીમાં નાગરિકોએ મતદાન કરી પોતાનો મતાધિકાર અને રાષ્ટ્ર પ્રત્યેની પોતાની ફરજ અદા કરી હતી.

અમરેલી જિલ્લામાં ભાતીગળ પરંપરા, દરિયાઈ વિસ્તારમાં દરિયાઈ કાંઠાના જીવનને ઉજાગર કરતું, આદર્શ મતદાન મથક સહિતના મતદાન મથકોએ આકર્ષક સજાવટ કરવામાં આવી હતી. દિવ્યાંગો અને વરિષ્ઠ નાગરિકો ઉપરાંત મહિલાઓને મતદાન માટે પ્રાથમિકતા મળી રહે તે માટે વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હતી. લાઠી-બાબરા વિધાનસભા વિસ્તાર હેઠળના



બાબરા તાલુકાના વાવડી ગામ ખાતે વરિષ્ઠ નાગરિકે મતદાન માટે ગ્રીન કાર્ડનો ઉપયોગ કરી મતદાન માટે પ્રાથમિકતા મેળવી હતી. ૮૫ વર્ષથી વધુ વય ધરાવતા અને દિવ્યાંગ નાગરિકોએ વ્હીલચેર અને સહાયકની સુવિધા મેળવી મતદાન કર્યુ હતું. યુવા મતદારોએ પણ પોતાનો મત આપી રાષ્ટ્ર પ્રત્યેનું કર્તવ્ય અદા કર્યુ હતું.

# અમરેલીમાં પર્યાવરણ બચાવોની થીમ પર મોડેલ મતદાન મથક

અમરેલી,તા.૮

અમરેલીમાં કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલ ખાતે મોડેલ મતદાન મથક ઉભુ કરાયુ હતું. અહી પર્યાવરણ બચાવોની થીમ ઉભી કરાઈ હતી. આ ઉપરાંત લાઠીમાં પણ મહિલા સ્ટાફ સંચાલિત મતદાન મથકો તૈયાર કરાયા હતા. અહી ભાતીગળ સંસ્કૃતિની ઝલક જોવા મળી હતી. મહિલા સ્ટાફ સંચાલિત સખી મતદાન મથક ઉભુ કરાયુ હતું. આદર્શ મતદાન મથકની સુવિધાઓએ મતદારોને આકર્ષ્યા હતા.

## અવસાન નોંધ

**જૂનાગઢ**

શ્રી ગુજરાતી મચ્છુ કઠીયા દરજી જ્ઞાતિના સ્વ. પોપટલાલ ખોડાભાઇ ચાવડાના પુત્ર વિનોદરાય પોપટલાલ ચાવડા, ઉ.વ.૭૩ તે જયસુખભાઇ, જનકભાઇ, પ્રફુલભાઇ, રાજેશભાઇના ભાઇ, જયેશકુમાર, શિલ્પાબેન, જાગૃતિબેનના પિતા તથા આશિષ (કેનેડા) ના દાદાનું તા.૦૭/૦૫/૨૦૨૪ના રોજ અવસાન થયેલ છે, તેમનું બેસણુ તા.૦૯/૦૫/૨૦૨૫ના રોજ સાંજે ૫ - થી ૭ - ૦૦ કલાકે સુરસંગમ રેસિડેન્સી, મલ્હાર - ૨૦૩, અલકાપુરી, જૂનાગઢ ખાતે રાખેલ છે.

**કોડીનાર**

સ્વ. ભાવનાબેન બકુલભાઈ અગ્રાવતનું તા.૬-૫-૨૪ના રોજ અવસાન થયેલ છે. તે રામાનંદી સમાજના અગ્રણી ચતુ. સંપ્રદાય યુવા મંડળના પ્રમુખ બકુલભાઈના ધર્મપત્ની અને ડો.ભદ્રેશભાઈના ભાભી થાય છે. તેમનું બેસણું તા. ૯-૫-૨૪ના સાંજના ૪ થી ૬ વાગે તેમના નિવાસ સ્થાને દક્ષિણા મૂર્તિ સોસાયટી સાંઈ કોમ્પ્લેક્સની સામેની ગલીમાં બ્લોક નંબર ૧૫૨ /૧૫૩ ખાતે રાખેલ છે.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય,
સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી






અમરેલીની એકમાત્ર સ્પેશ્યલ કોમર્સ સ્કૂલ
એકલવ્ય કોમર્સ
ધોરણ ૧૧-૧૨ કોમર્સ (ગુજરાતી માધ્યમ)
100% કોમર્સ
શું કામ Special Commerce તો આ રહી અમારી વિશેષતાઓ :
■ દરેક વિષયનો સરળતાથી અને શ્રેષ્ઠ અભ્યાસ કરાવી શકે તેવા અનુભવી શિક્ષકોની ટીમ
■ ધોરણ ૧૧/૧૨ માં દરેક વિષયનું ૯૦૦ માર્કસનું પરીક્ષાલક્ષી અતિ મહત્વનું મટીરીયલ
■ છેલ્લા ૧૬ વર્ષના બોર્ડનાં પેપરોનું સોલ્યુશન તથા ડેઈલી ટેસ્ટ, વિકલી ટેસ્ટ, રીપીટેડલી ટેસ્ટ
અમરેલી જીલ્લામાં સૌપ્રથમ સ્માર્ટ બોર્ડ દ્વારા ડિજિટલ એજ્યુકેશન આપતી એકમાત્ર કોમર્સ સ્કૂલ

ધો. ૧૦ P.R. આધારીત સ્કોલરશીપ

| ધો. ૧૦ P.R. | ફી માફી |
|---|---|
| 95 થી ઉપર P.R. | 25% |
| 90 થી 95 P.R. સુધી | 20% |
| 85 થી 90 P.R. સુધી | 15% |
| 65 થી 85 P.R. સુધી | 10% |
| 50 થી 65 P.R. સુધી | 05% |

ડિજિટલ કોમર્સ
બહારગામથી આવતા વિદ્યાર્થીઓ માટે વાહનની વ્યવસ્થા ઉપલબ્ધ...
સ્પર્ધાત્મક પરીક્ષાના માર્ગદર્શન માટે વિકલી લેક્ચર...
વિદ્યાર્થીઓને યુનિફોર્મ, પાઠ્યપુસ્તક તેમજ મટીરીયલ સ્કૂલ દ્વારા આપવામાં આવશે.
અમરેલી જીલ્લામાં એકમાત્ર ધોરણ-૧૧ કોમર્સથી CA Foundation ની તૈયારી કરાવતી સંસ્થા...
એડમિશન મેળવવા માટે તુરંત જ સંપર્ક કરો...
નિકુંજ ગઢવાલા ૯૧૦૬૬ ૩૪૪૨૬ | ભરત સાવલીયા ૯૯૭૯૪ ૪૯૬૪૯ | લાઠી રોડ, કાર વર્લ્ડની પાછળ, નારાયણ નગર, અમરેલી.



વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com



સંકુલ ઉ.મા. કુમાર શાળા - બાયો - મેથ્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. ગર્લ્સ સ્કૂલ - બાયો - મેથ્સ પ્રવેશ
સંકુલ ઉ.મા. EM ગર્લ્સ સ્કૂલ - બાયોલોજી પ્રવેશ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ નવી કુમાર શાળા બાયો – મેથ્સ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ગુજરાતી મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયો – મેથ્સ પ્રવેશ ચાલુ
★ ઉ.મા. સાયંસ ઈંગ્લીશ મિડીયમ ગર્લ્સ સ્કૂલ બાયોલોજી પ્રવેશ ચાલુ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ - Ad017



॥ બજરંગ સ્ટીલ ॥
અમારે ત્યાંથી દરેક કંપનીનાં ISI Tmt લોખંડ (સળીયા), સિમેન્ટ, પતરા, ગેલ્વેનાઈઝ પાઈપ, બાઈન્ડીંગ વાયર, ખીલીઓ તેમજ બિલ્ડીંગ રો મટીરીયલ્સ વ્યાજબી ભાવથી મળશે
સ્થળ: લાઠી રોડ બાયપાસ, લાલાવાવ હનુમાનજી મંદિરની સામે, અમરેલી
અતુલભાઈ વી. ધામત (લીલીયાવાળા) મો.૯૪૨૮૭ ૧૧૯૧૨






AIR CONDITIONERS | AIR PURIFIERS | REFRIGERATORS | WASHING MACHINES | MICROWAVE OVENS | DISHWASHERS | COMMERCIAL REFRIGERATION | AIR COOLERS
Visit us at: voltasbeko.com | Follow us at | @VoltasBeko | Voltas Beko | Voltas Beko | VoltasBeko 24 X 7 Customer Care No: 9818994444
For product registration, SMS<VB> to 56677 | Email: wecare@voltasbeko.com | www.voltasbeko.com/storelocator
Buy online at: www.voltas.com
Visit us at www.myvoltas.com
To locate your nearest store, log on to: www.myvoltas.com/store-locator
Voltas 24x7 Customer Service - 1860 599 4555, 9650694555
For product registration, SMS <WTA> to 9289525321
Buy only genuine Voltas stabilizers.
Follow us at My Voltas | My Voltas | My Voltas | Voltas Limited | My Voltas
વોલ્ટાસ ઓથો. ડિસ્ટ્રીબ્યુટર A/C, Air Cooler, Commercial Ref., Home Appliances
એવરેસ્ટ ટ્રેડર્સ (રેફ્રિજરેશન) મો. ૯૮૨૫૩૩૫૬૪૫ સર્વિસ નં. ૭૦૧૬૩૫૭૫૬૭
કેરીયા રોડ, નાગરિક બેંકની પાસે, પોસ્ટ ઓફિસની સામે, અમરેલી. ફોન.૦૨૭૯૨-૨૨૦૬૮૪

# બગસરામાં સ્વામિનારાયણ મંદિરના સંતોએ મતદાન કર્યું

બગસરા તા.૮

બગસરા પંથકમાં લોકોએ સ્વૈચ્છાએ આકરા તાપમાં પણ મતદાન કર્યુ હતું. લોકશાહીના પર્વમાં કષ્ટ વેઠીને પણ યોગદાન આપ્યું હતું. આંગણવાડી વર્કરોએ વડીલોને મતદાન મથક સુધી પહોંચાડી મતદાન કરાવ્યું હતું.



બગસરાના સ્વામિનારાયણ મંદિરના સંતોએ ધારાસભ્યની હાજરીમાં મતદાન કર્યુ હતું. મતદાન આપણો અધિકાર સમજીને લોકો ધોમધખતા તાપની પરવા કર્યા વગર મતદાન માટે દોડી ગયા હતા. જ્યારે તંત્ર દ્વારા લોકોને પીવાના પાણીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ધારીમાં ૪૬.૦૮ ટકા મતદાન થયું હતું.

# વડિયામાં મતદાન બુથ પર તંત્રની ઘોર બેદરકારી, લોકોને તાપમાં શેકાવુ પડ્યું

વડિયા, તા.૮

વડિયાના એક પણ બુથ પર મંડપ કે છાંયાની વ્યવસ્થા નહીં કરતાં મતદારો તડકામાં શેકાયા હતા. જેથી લોકોએ ઓબ્ઝર્વરને ફરિયાદ કરી હતી. એક તરફ સરકારે મોટી જાહેરાતો કરી હતી કે મતદારોને કોઈપણ પ્રકારની તકલીફો ના પડે તેની ખાસ તકેદારી રાખવામાં આવશે, ત્યારે વડિયાના આઠ મતદાન બુથમાં મંડપ કે છાંયાની વ્યવસ્થા નહોતી. મંડપ કે છાંયાની વ્યવસ્થા ના હોવાના કારણે મતદારો નિરાશ થયા હતા. જોકે ઓબ્ઝર્વેશન અધિકારીએ મંડપ સર્વિસવાળાને સોમવાર સાંજથી સતત ફોન કર્યા હતા પરંતુ મંડપ સર્વિસવાળાએ પોતાની મનમાની ચલાવી મંડપ નાખ્યા જ નહીં તેથી લોકો ખુબ નિરાશ થયા હતા.



# ખડસલી ભીડભંજન મહાદેવ મંદિરના લાભાર્થે શ્રીમદ ભાગવત કથા યોજાશે

સાવરકુંડલા, તા.૮

સાવરકુંડલા તાલુકાના ખડસલી ગામે શ્રી ભીડભંજન મહાદેવ મંદિરના લાભાર્થે શ્રીમદ ભાગવત જ્ઞાન યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો પ્રારંભ તારીખ ૧૫-૫-૨૦૨૪ ના રોજ થશે અને પૂર્ણાહુતિ ૨૨-૫-૨૦૨૪ના રોજ થશે. કથાનો સમય બપોરે ૦૩:૦૦ થી સાંજના ૦૬:૦૦ કલાક સુધી રહેશે. સ્થળ ખડસલી પ્રાથમિક શાળા ખાતે જયદેવ બાપુ ગોંડલીયા ખડસલી વાળા બિરાજી કથાનું રસપાન કરાવશે.

આ કથાનું રસપાન કરવા તેમજ આ ભગીરથ કાર્યમાં સહભાગી થવા સમસ્ત ખડસલી ગામ દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું હતું.

# ખાંભાના બોરાળા ગામે નિવેદ ચડાવવા મુદ્દે કુટુંબીજનો બાખડ્યાં

## દરમિયાનગીરી કરનારને પણ મુંઢમાર માર્યો

ખાંભા, તા.૮

ખાંભાના બોરાળા ગામે નિવેદ મુદ્દે કુટુંબીજનોમાં બબાલ થઈ હતી. બનાવ સંદર્ભે ભગુભાઈ અરજણભાઈ ચારોલીયા (ઉ.વ.૩૫) એ કેશુભાઈ પ્રાગજીભાઈ ચારોલીયા, છગનભાઈ પ્રાગજીભાઈ ચારોલીયા, વલકુભાઈ કેશુભાઈ ચારોલીયા તથા વસંતભાઈ કેશુભાઈ ચારોલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, બે દિવસ પહેલા કેશુભાઈ તથા છગનભાઈ તેમના પરિવાર સાથે ખોડાવડ મુકામે સુરાપુરાને નિવેદ ચડાવવા ગયા હતા. નિવેદ ચડાવી પરત આવતાં તેમણે કેશુભાઈને નિવેદ ચડાવવા સાથે લઈ જવા કહ્યું હતું. જે અંગે તેમને સારું નહીં લાગતાં જેમ ફાવે તેમ બિભત્સ શબ્દોમાં ગાળો આપી મુંઢમાર માર્યો હતો. ઉપરાંત છરીનો ઘા માર્યો હતો. આ સમયે પ્રભાબેન તેમને બચાવવા વચ્ચે પડતાં તેમને પણ મુંઢમાર માર્યો હતો. તમામે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે.પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં યુવકને છરીમારીગાળોઆપી

જાફરાબાદ, તા.૮

જાફરાબાદના ટાવર ચોક નગરપાલિકામાં શાકમાર્કેટની બાજુમાં રહેતા જૈદ ઈમરાનભાઈ શેખ (ઉ.વ.૧૮) એ આફતાબભાઈ મુનાફભાઈ બેલીમ, અલીમભાઈ નાસીરભાઈ પઠાણ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેઓ તથા સાહેદ તુર્કી મહોલ્લા ખારા વિસ્તારમાં લગ્ન જોવા ગયા હતા. તે વખતે મશ્કરીમાં એક ઝાપટ મારી હતી. જેનું મનદુઃખ રાખી તા.૦૬/૦૫/૨૪ ના રોજ લાઈટ હાઉસ રોડ પાસે આવેલા એન્જલ પ્લાઝા કોમ્પલેક્ષમાં નિશારભાઈની દુકાને હતા ત્યારે ડાબા હાથની ટચલી આંગળીની બાજુની આંગળીમાં છરી મારી હતી. તેમજ શરીરે આડેધડ માર મારી ગાળો બોલીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# બાકી પૈસા માંગતા યુવકને માથામાં લાકડી ફટકારી

## ગાળો બાલીને જાનથી મારવાની ધમકી પણ આપી

રાજુલા, તા.૮

રાજુલાના રાજપરડા ગામે રહેતા એક યુવકે બાકી પૈસા પાછા આપવાનું કહેતા તેના માથાના ભાગે ઈજા પહોંચાડી, ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપવામાં આવી હતી. બનાવ અંગે ચાંચ ટીંબા વિસ્તાર અને હાલ રાજુલાના રાજપરડા ગામે રહેતા મનુભાઈ ધીરૂભાઈ શિયાળ (ઉ.વ.૩૫)એ ચાંચ ગામે ગૌતમભાઈ વનાભાઈ ગુજરીયા તથા ગગજીભાઈ વનાભાઈ ગુજરીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના ભાઈ પાસેથી ગૌતમભાઈ ગુજરીયાને રૂ. ૩૦૦૦ લેવાના બાકી હતી. જે પૈસાની ઉઘરાણી કરતાં તેમણે થોડા સમય પછી પૈસા આપવાનું કહેતા તેમને લાકડીનો ઘા માથાના ભાગે મારી ઈજા પહોંચાડી હતી. ઉપરાંત ઢીકાપાટુનો મુંઢમાર મારીને ગાળો બોલી જાનથી મારવાની ધમકી આપી હતી. ડુંગર પોલીસ સ્ટેશનના એએસઆઈ એમ.કે.પીછડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# ફોનમાં વાત કરવા બાબતે યુવક પર હુમલો કર્યો

## મેરીયાણા ગામે બનાવ બન્યો

સાવરકુંડલા, તા.૮

મહુવાના કુંભણ ગામે રહેતા અને લુહારી કામ કરતાં સુધીરભાઈ જસુભાઈ વાઘેલા (ઉ.વ.૨૩)એ મેરીયાણા ગામના અલ્પેશભાઈ મનસુખભાઈ ખાતરાણી, હિતેષભાઈ મનસુખભાઈ ખાતરાણી તથા જીતેન્દ્રભાઈ લાભુભાઈ ખાતરાણી સામે કરેલી ફરિયાદ મુજબ, તે અલ્પેશભાઈ ખાતરાણીની ભત્રીજી સાથે ફોનમાં વાત કરતા હતા. જેથી આરોપીને સારું નહીં લાગતાં પ્લાસ્ટિકની પાઈપ વડે ફટકાર્યો હતો અને સાહેદ રાહુલભાઈને ઢીકાપાટુનો માર મારી ગાળો આપી હતી. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી.નાંદવા વધુ તપાસ કરી રહ્યા છે.

# જીવાપર ગામે ગ્રામ પંચાયતના કૂવામાંથી વાયર ચોરીને જતો શખ્સ રંગેહાથ ઝડપાયો

## સમઢીયાળા-૨ ગામના ઇસમ સામે ફરિયાદ

ખાંભા, તા.૮

ખાંભાના જીવાપર ગામે ગ્રામ પંચાયતના કૂવામાં નાખેલી પાણીની મોટરનો સર્વિસ વાયર રાત્રે ચોરીને જતો એક શખ્સ રંગેહાથ ઝડપાયો હતો. મહેશભાઈ શામજીભાઈ હીરપરા (ઉ.વ.૪૫)એ સમઢીયાળા-૨ ગામના માનસિંગભાઈ ખીમાભાઈ વરૂ સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, આરોપીએ રાત્રે પોણા અગિયાર વાગ્યે જીવાપર ગ્રામ પંચાયતના કૂવામાં નાખેલી પાણીની મોટરનો સર્વિસ વાયર આશરે ૫૫-મીટર કુલ કિં.રૂ.૪૯૫૦નો ચોરી કરી ગુંચળુ વાળી લઈ જતો હતો ત્યારે તેમણે તથા સાહેદોએ પકડી લીધો હતો.

ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એન.એન.કીકર વધુ તપાસ કરી રહ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧, તિથિઃ એકમ
તા. ૦૯-૦૫-૨૦૨૪, ગુરૂવાર, સૂર્યોદય-૦૫:૩૩,
સૂર્યાસ્ત-૦૭:૦૧, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્રઃ કૃતિકા

## દૈનિક રાશિફળ

તા.૦૯-૦૫-૨૦૨૪ ગુરૂવાર

મેષઃ આજનો દિવસ તમારા માટે શુભ છે. કાયદાકીય વિવાદમાં સફળતાની સંભાવના છે અને સ્થાળાંતરણની યોજના સફળ થઈ શકે છે.

વૃષભઃ આજે તમને નોકરી અને ધંધાકીય બાબતમાં પણ સફળતા મળી શકે છે. આજે સાંજના પાંચ વાગ્યા સુધીમાં ખાસ ડીલ ફાઇનલ થઈ શકે છે.

મિથુનઃ આજનો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે. ધર્મ પ્રત્યે તમારી રુચિ ખૂબ વધી જશે. આ વ્યસ્તતામાં ભણવામાં થોડો સમય કાઢવો સારો રહેશે.

કર્કઃ આજનો દિવસ તમારા સ્વાસ્થ્ય માટે સજાગ રહેવાનો છે. બહાર જતા પહેલાં બધી મહત્વપૂર્ણ બાબતોનું ધ્યાન રાખો અને નિયમોનું પાલન કરો.

સિંહઃ આજનો દિવસ તમને શુભ ફળ આપવાનો છે અને તમને આજે ફાયદાકારક પરિણામો મળશે. ધંધામાં જોખમ લેવાનું આજે ફાયદાકારક રહેશે.

કન્યાઃ આજનો દિવસ તમારા માટે દરેક બાબતમાં સાવધ રહેવાનો છે. આજુબાજુના લોકો સાથે કોઈ મુકાબલો ના થાય તો સારું.

તુલાઃ આજનો દિવસ ખૂબ સર્જનાત્મક છે. તમને આજે સૌથી વધુ ગમતું કામ કરવા મળશે અને તમે તેમાં સારું પ્રદર્શન કરી શકશો.

વૃશ્ચિકઃ આજનો દિવસ લાભકારી સાબિત થઈ શકે છે. પરિવાર અને આસપાસના લોકો થોડી મુશ્કેલી ઊભી કરવાનો પ્રયાસ કરશે.

ધનઃ આજે દરેક બાબતે ખાસ કાળજીથી સંભાળવાની જરૂર છે. ધંધાના કિસ્સામાં જો તમે થોડું જોખમ લેશો તો મોટો ફાયદો થવાની આશા છે.

મકરઃ આજનો દિવસ સામાન્ય છે. પરિવાર સાથે ઘરે રહો અને સુરક્ષિત રહો. ખૂબ જ મહત્વપૂર્ણ કામ હોય તો જ બહાર જાઓ.

કુંભઃ આજનો દિવસ ઉત્તમ બની શકે છે. આજીવિકાની દ્રષ્ટિએ આજે તમને સફળતા મળશે. દિવસ દરમિયાન લાભની તકો મળશે.

મીનઃ આજનો દિવસ ખૂબ જ શુભ દિવસ છે અને તમને સારા પરિણામ મળશે. આજનો દિવસ બીજાને મદદ કરવાનો રહેશે.

# જાફરાબાદમાં આધેડ ઘરેથી દુકાને જવા નીકળ્યા બાદ ગુમ થયા

જાફરાબાદ, તા.૮

જાફરાબાદમાં રહેતો એક આધેડ ઘરેથી દુકાને જવા નીકળ્યા બાદ ગુમ થયો હતો. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. પરેશભાઈ રામજીભાઈ બારૈયા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમના પિતા રામજીભાઈ લીંબાભાઈ બારૈયા તા.૨૯/૦૪/૨૦૨૪ ના રોજ પોતાના રહેણાંક મકાનેથી દુકાને જવા નીકળ્યા હતા પરંતુ આજદિન સુધી ઘરે પરત ફર્યા નથી.

જાફરાબાદ મરીન પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એ.આર.ઝાલા વધુ તપાસ કરી રહ્યા છે.

# લુંઘીયાની સગીરાને મેઘા પીપળીયાનો યુવક ભગાડી જતા ફરિયાદ

## સગીરાના પિતાએ બગસરા પોલીસમાં ફરિયાદ નોંધાવી

બગસરા, તા.૮

બગસરાના લુંઘીયા ગામે રહેતી એક સગીરાને મેઘા પીપળીયા ગામનો યુવક લગ્નની લાલચ આપી ભગાડીને લઈ ગયો હતો. બનાવ અંગે સગીરાના પિતાએ વડિયા તાલુકાના મેઘા પીપળીયા ગામે રહેતા યાજ્ઞિક પરમાર સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ આરોપી તેમની સગીર પુત્રીના ભોળપણનો લાભ લઈ પ્રેમજાળમાં ફસાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી બદકામના ઈરાદે કાયદેસરના વાલીપણામાંથી ભગાડી ગયો હતો.

# કોટડાપીઠા ગામે ભાઈની કેન્સરની બીમારીથી કંટાળી ઝેરી દવા પીધી

## બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી.ડેર વધુ તપાસ કરી રહ્યા છે

બાબરા, તા.૮

બાબરાના કોટડાપીઠા ગામે રહેતા વિઠ્ઠલભાઈ ભીખાભાઈ પલસાણા (ઉ.વ.૫૨)એ જાહેર કર્યા મુજબ, તેમના કાકાના દિકરા ઉમેશભાઈ ઘુસાભાઈ પલસાણાના મોટા ભાઈને કેન્સરનું ઓપરેશન કરાવ્યું હોવાથી ઘરની તમામ જવાબદારી તેમના પર આવી હતી. જેથી થોડા સમયથી માનસિક રીતે સ્વસ્થ નહોતા. જેથી વાડીએ જઈ ઝેરી દવા પી જતાં હાલ સારવારમાં દાખલ કર્યા હતા. બાબરા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ પી.પી.ડેર વધુ તપાસ કરી રહ્યા છે.


હાર્દિક અભિનંદન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી.
અમરેલી

અમરેલી જિલ્લાનાં સહકારી ક્ષેત્ર ભિષ્મ પિતામહ અને ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણી ની ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક

શ્રી મઘુભાઈ પોપટભાઈ કમાણી– પ્રમુખશ્રી
શ્રી ગોપાલભાઈ વાઘજીભાઈ કમાણી– કમીટી મેમ્બરશ્રી
શ્રી ઘનશ્યામભાઈ ભીખુભાઈ હપાણી– મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
સાંગાડેરી સેવા સહકારી મંડળી,લી. મુ. સાંગાડેરી,તા.જી.અમરેલી

હાર્દિક અભિનંદન



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેન શ્રી ઈફકો
ચેરમેનશ્રી અ.જી.મ.સ.બેંક લી.
અમરેલી

અમરેલી જિલ્લાનાં સહકારી ક્ષેત્ર ભિષ્મ પિતામહ અને ખેડૂત નેતા શ્રી દિલીપભાઈ સંઘાણીની ઈફકોના ડાયરેકટર તરીકે બિનહરીફ વરણી થવા બદલ હાર્દિક શુભેચ્છા

શુભેચ્છક

શ્રી જયંતિભાઈ રવજીભાઈ ચકરાણી –પ્રમુખ
શ્રી સંજયભાઈ દેવમુરારી –મંત્રીશ્રી
તથા તમામ વ્યવસ્થાપક કમિટી મેમ્બરશ્રીઓ
દેવળીયા સેવા સહકારી મંડળી,લી.તા.અમરેલી

**તંત્રી લેખ**

# એક સમયે કોંગ્રેસની પણ બોલબાલા હતી

જેનો ઉદય થાય છે તેનો અસ્ત થાય છે. એક સમય એવો હતો કે કોંગ્રેસ સમગ્ર ભારતમાં તેમજ વિદેશમાં પણ છવાયેલી હતી. આઝાદી પહેલા કોંગ્રેસના ક્રાંતિવીરો ફ્રાન્સ, જાપાન, જર્મની અને બ્રિટન જેવા દેશની અંદર રહીને ભારતને આઝાદી અપાવવાની પ્રવૃત્તિ ચલાવતા હતા. બ્રિટનમાં જઈને પણ રાજકીય પ્રવૃત્તિ ચલાવતા હતા. દેશભરમાં કોંગ્રેસથી બોલબાલા હતી, ૮૦ના દાયકામાં ગુજરાતમાં પણ કોંગ્રેસની બોલબાલા હતી. એક સમયે ગુજરાતમાં માધવસિંહ સોલંકીની બોલબાલા હતી તેમના નેતૃત્વ નીચે ગુજરાતે તે સમયે ૧૮૨ માંથી ૧૪૯ બેઠકો જીતીને તહેલકો મચાવી દીધો હતો. ચૂંટણીમાં જંગી જીત અપાવવાની આ થિયરી આજની પેઢીના કોંગ્રેસના નેતાઓ તથા કાર્યકરોને ખબર નથી હાલ કોંગ્રેસમાં પણ એમ જ બન્યું છે. માધવસિંહ સોલંકીના સમયમાં કોંગ્રેસને જંગી બહુમતી કેવી રીતે મળી તેના કારણો તપાસવાનો આજ કોઈ પાસે સમય નથી, આની જાણકારી નથી. ઈતિહાસ ભુલાયો અને પડતી શરૂ થઈ ગઈ. કોંગ્રેસના પણ એ જ હાલ થયા છે. હાલ મતદાન પછી કોંગ્રેસની છાવણીમાં માયુષી છવાયેલી છે. નેતા માધવસિંહ સોલંકીના નેતૃત્વમાં કોંગ્રેસે ૧૮૨માંથી ૧૪૯ બેઠક જીતી હતી, જે આજપર્યંત એક રેકર્ડ છે. ગત વિધાનસભા ચૂંટણી દરમિયાન ૧૫૧ બેઠક જીતવાનું લક્ષ્યાંક મૂકીને ભાજપે નવો કીર્તિમાન સ્થાપવા માટે પ્રયાસ કર્યો હતો, કથિતપણે રાજકારણમાં ઉચ્ચ જ્ઞાતિઓના પ્રભુત્વને સમાપ્ત કરવા માટે આ સમીકરણ ઘડવામાં આવ્યું હતું. જો **KHAM** સમીકરણમાં **'K'** (ક્ષત્રિય-ઠાકોર), **'H'** (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), **'A'** (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) તથા **'M'** મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવે છે. એંશીના દાયકામાં માધવસિંહ સોલંકી ક્ષત્રિય, હરિજન, આદિવાસી અને મુસ્લિમોને ખામ થિયરી પ્રમાણે એક મંચ પર લાવ્યા હતા. **KHAM** સમીકરણમાં **'K'** (ક્ષત્રિય-ઠાકોર), **'H'** (હરિજન, શિડ્યુલ્ડ કાસ્ટ), **'A'** (આદિવાસી, શિડ્યુલ્ડ ટ્રાઈબ્સ) તથા **'M'** મુસ્લિમોને સાથે રાખીને ચૂંટણી જીતવાનાં સમીકરણ ગોઠવવામાં આવ્યા હતા. ખામની સફળતાને ટાંકવા માટે ૧૯૮૫નાં ચૂંટણી પરિણામોને ટાંકવામાં આવે છે, જેમાં કોંગ્રેસ પાર્ટીને ૧૮૨માંથી ૧૪૯ બેઠક મળી હતી. ૧૯૭૭ની ચૂંટણીમાં ધબડકા બાદ કોંગ્રેસ (આઈ) પાર્ટી ખામ સમીકરણ તરફ વળી હતી. **KHAM**ના સમીકરણને કારણે ગુજરાતનું રાજકારણ અને સમાજવ્યવસ્થા હંમેશાને માટે બદલાઈ જવાના હતા અને અત્યારસુધી લગભગ એકહથ્થું સત્તા ભોગવનારા સમુદાયો માટે પડકાર ઊભો થવાનો હતો. જયપ્રકાશ નારાયણ તથા કોંગ્રેસના કારણે મધ્યમવર્ગ તથા ઉચ્ચજ્ઞાતિઓમાં જનસંઘની સ્વીકાર્યતા વધી. જૂન-૧૯૭૫માં જનતા મોરચાની સરકાર બની અને મૂળ કોંગ્રેસી, પટેલની સરકારને હજુ એક વર્ષ નહોતું થયું કે ઈંદિરા ગાંધીની સરકારે તેની હકાલપટ્ટી કરીને રાષ્ટ્રપતિશાસન લાદી દીધું. દરમિયાન દેશની આઝાદીની ચળવળ સમયે અનેક પટેલોએ પોતાનો ફાળો આપ્યો હતો, જેમાં વિઠ્ઠલભાઈ તથા વલ્લભભાઈ પટેલ પ્રમુખ હતા. ગુજરાતમાં ઉચ્ચ જ્ઞાતિઓની વસતી ૨૦ ટકા છે. આથી જ સવર્ણોનાં હિત માટેના કોઈપણ આંદોલન કે ચળવળ (૧૯૮૧, ૧૯૮૫, ૧૯૯૦ કે ૨૦૧૫) હોય તો તેનું સુકાન પાટીદારોએ લીધું છે. બીજી તરફ ઓબીસી, અનુસૂચિત જાતિ (એસસી) અને જનજાતિ (એસટી) સમુદાયની વસતી ૬૦ ટકાથી પણ વધારે છે. આથી રાજકીય પક્ષો ચૂંટણી સમયે તેમની તરફ મીટ માંડે તે સ્વાભાવિક છે.

# રાજનેતા બને તેને કોઈ નોકરી ધંધો કરવાની જરૂર પડતી નથી



**પ્રાસંગિક**
**સુરેશ દેસાઈ**

એક પીઢ નેતાએ નવા નિશાળિયા રાજકારણી બનેલા યુવકને સલાહ આપી કે નિષ્ઠાપૂર્વક પક્ષનું કાર્ય કરો, સેવા કરો. આ સલાહ આપનાર નેતા હતા નીતિશકુમાર.!!

૭ મેના દિવસે ત્રીજા તબક્કાનું મતદાન પૂરું થયું. છેલ્લા એક અઠવાડિયાથી સમગ્ર વાતાવરણ રાજકીય ચર્ચાઓથી સભર બન્યું હતું નાના મોટા સૌ કોઈ ચૂંટણીમાં કોણ જીતશે એની ચર્ચામાં જ પરવાયેલા હતા તો ઘણા આગેવાનો પોતાના જ્ઞાનને ગૌરવપૂર્વક રજૂ કરતા હતા. કોંગ્રેસના એક પીઢ કાર્યકરે કહ્યું કે ચાણક્યનો ઉપદેશ ભૂલી ગયા એટલે કોંગ્રેસની પડતી થઈ. રાજકારણમાં કેમ આગળ વધવું તેનું પરમ જ્ઞાન અઢી હજાર વર્ષ પહેલા ચાણક્ય આપીને ગયા તેમણે એક જગ્યાએ લખ્યું છે કે જ્યારે ભૂતકાળને ભુલવામાં આવે છે અને તેમાંથી કોઈ શીખ લેવામાં આવતી નથી, ભૂતકાળના અનુભવ ઉપરથી જે સુધારવાનું નામ નથી લેતા અને સમયની સાથે જે ચાલતા નથી તેની પડતી થાય છે.

એક સમયે આઝાદી પહેલા કોંગ્રેસની બોલબાલા હતી માત્ર ભારતમાં જ નહીં પરંતુ બ્રિટન, જાપાન, બ્રહ્મદેશ જેવા દેશોમાં આપણા દેશના ક્રાંતિકારીઓ રાષ્ટ્ર માટે પ્રવૃત્તિ કરતા હતા તેને માટે રાષ્ટ્રધર્મ સર્વોપરી હતો આજે રાષ્ટ્રધર્મ શું છે એની વાતો બધા કરે છે પણ રાષ્ટ્રધર્મનો અમલ કેટલા કરે છે? એમ માનવામાં આવે છે કે રાજકારણમાં આગળ વધવું હોય તો ચોક્કસ પ્રકારનું જ્ઞાન જરૂરી છે માત્ર જ્ઞાન હોવાથી જીત નથી થતી પરંતુ જ્ઞાનની સાથે એ જ્ઞાનનો અમલ પણ એટલો જ જરૂરી છે.

જીવન જીવવા માટે જ્ઞાન હોવું જરૂરી છે પણ જ્ઞાન કરતાં પણ અનુભવ ચડે છે. આ જ્ઞાનનું અંતિમ સત્ય શું છે? ભગવાન બુદ્ધ કહે છે કે જીવન અને જગતનું અંતિમ સત્ય મૃત્યુ છે પરંતુ ભગવદગીતા કહે છે કે મૃત્યુ એ અંતિમ સત્ય નથી જીવનની યાત્રા અવિરત ચાલે છે મૃત્યુ પછી પણ નવું જીવન મળે છે આ એક એવી વિદ્યા છે જે માણસને મૃત્યુના ભયથી મુક્ત કરે છે આ અનુભૂતિ એટલે બ્રહ્મવિદ્યા. બ્રહ્મવિદ્યાનો અર્થ છે એ વિદ્યા, એ પરમ જ્ઞાન, જેનાથી આપણે તેને જાણી લઈએ છીએ, જે આપણે છીએ; જેનાથી આપણે તેને જાણી લઈએ છીએ, જે બધું જ જાણી રહ્યો છે. જેનાથી આપણે તેને જાણી લઈએ છીએ, જેનું કોઈ મૃત્યુ નથી, જેનો કોઈ જન્મ નથી. એ મહાન જ્ઞાન માટે, તે પરમ વિજ્ઞાન માટે ઉત્સુક થવું, જિજ્ઞાસુ થવું, તેના માટે તત્પર અને પ્રયત્નશીલ થવું એ જ વાસ્તવિક જીવન સાધના છે. આજે ઘણી બધી જાણકારીઓ ભેગી કરનારો માણસ પોતાની જાણકારી માટે, પોતાના જ્ઞાન માટે ઉત્સુક જ નથી.

એટલે જીવન દિશાવિહીન અને કર્મ ઔચિત્યહીન થતાં જઈ રહ્યાં છે. ઉપનિષદોમાં કથા છે- શ્વેતકેતુ સમસ્ત શાસ્ત્રોનું અધ્યયન કરીને પાછો ફર્યો. જે કાંઈ જાણવા યોગ્ય હતું, તે બધું તેણે જાણી લીધું હતું. અનેક પ્રકારની જાણકારીઓ તેણે ભેગી કરી લીધી હતી. તે હાલતો- ચાલતો વિશ્વકોશ બની ગયો હતો. તેનામાં નિશ્ચિતપણે જાણવાનો ભારે અહંકાર આવી ગયો હતો. જ્યારે તે ગામમાં પ્રવેશ્યો, ત્યારે તેના પિતાએ મકાનના ધાબા પરથી જોયું કે શ્વેતકેતુ અકડાતો ચાલતો આવી રહ્યો છે.

પંડિતની અકડાઈ, જ્ઞાનની અકડાઈ અહંકારને ચરમ સીમાએ પહોંચાડી દે છે. જ્યારે તે આવ્યો, તો પિતાએ કહ્યું કે લાગે છે, તું બધું જાણીને આવી ગયો. શ્વેતકેતુ ઉત્સાહિત થઈને બોલ્યો, હા! બધું જાણીને આવી ગયો, જે કાંઈ જાણવા યોગ્ય હતું, જેટલી પણ વિદ્યાઓ હતી તે બધી શીખીને આવ્યો છું.

તેના પિતાએ કહ્યું, બસ એક સવાલ મારે તને પૂછવો છે. તેં એ જાણી લીધું કે નહિ, જેનાથી બધું જ જાણવામાં આવે છે. તેણે કહ્યું, એવી તો કોઈ વિદ્યા મેં સાંભળી નથી. શું નામ છે એ વિદ્યાનું? મારા ગુરુએ એના વિશે કોઈ વાત નથી કરી. તેના પિતાએ કહ્યું, એને બ્રહ્મવિદ્યા કહે છે.

એ સ્વયંનો બોધ કરાવે છે, જીવનનો બોધ કરાવે છે. તું પાછો જા. હવે જ્યારે પાછો આવ ત્યારે એ જાણીને પાછો આવજે, જેને જાણ્યા વિના બધું જાણવાનું નકામું છે. જેને જાણી લેવાથી બધું જાણી લેવામાં આવે છે.

શ્વેતકેતુ પાછો વળીને તેના ગુરુ પાસે પહોંચ્યો. તેને પાછો આવેલો જોઈને ગુરુ થોડાક નવાઈ પામ્યા અને ચિંતિત પણ થયા. તેણે બધું જ જણાવ્યું તો ગુરુએ કહ્યું, બ્રહ્મવિદ્યા પુસ્તકોમાંથી નહિ, જીવન સાધનાથી મળે છે. તેને પામવાથી અહંકાર વધતો નથી, પૂર્ણપણે ખતમ થઈ જાય છે.

માણસ સફળ બને, અપાર સંપત્તિનો સ્વામી બને, મોટર બંગલા સહિતની તમામ સુખ સુવિધાના સાધનો એકત્ર કરે પરંતુ છેલ્લે બધું જ છોડીને જવું પડે છે. આથી જ એક સંતે કહ્યું કે જગત છોડી જવું પડે તે પહેલા જગતની મોહમાયા છોડી દો અને મુક્ત બનો, કશી અપેક્ષા રાખો નહીં પરંતુ આ ત્યારે જ શક્ય બને જો જિંદગીમાં સત્કાર્ય કર્યા હોય.

બીજાને ખુશી આપી હોય તો ખુશી મળે બીજાને સુખ આપ્યું હોય તો સુખ મળે જે સમયે જે કામ કરવાનું હોય તે કામ કરવામાં ન આવે તો તે કામ કરવાનો સમય ચાલ્યો જાય છે અને કામ થતું નથી આથી અનેક કામો માથે ચડતા જાય અને સમય વીતતો જાય અંત સમયે એવું થાય કે જો એક બે વર્ષ વધારે મળે તો બાકીના બધા કામ પૂરા થઈ શકે પરંતુ આ વસ્તુ શક્ય હોતી નથી આથી જ કહેવામાં આવે છે કે જે સમયે જે કામ કરવાનું છે તે સમયે તે કામ તત્કાલ કરી નાખવાનું જેથી કંઈ બાકી ન રહે.

બાકી તો જીવન ચાલતું રહેવાનું છે. જીવન ચલને કા નામ હૈ ચલતે રહો.

**વર્તમાન સમયની જો કોઈ સર્વોત્તમ કારકિર્દી હોય તો તે રાજકીય નેતા બનવાની છે. જેમાં કોઈ ડિગ્રીની કે ભણતરની પણ જરૂર નથી. પરંતુ જીવનમાં સુખી થવા માટે એક અનોખી વિદ્યાની જરૂર છે જે સૌથી વધુ અગત્યની છે.**

# માર્કેટયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **અમરેલી** | | |
| કપાસ | ૯૫૦ | ૧૪૯૪ |
| શિંગ મઠડી | ૧૧૭૫ | ૧૨૩૭ |
| શિંગ મોટી | ૮૦૦ | ૧૩૦૧ |
| શિંગ દાણા | ૧૬૦૨ | ૧૭૨૨ |
| શિંગ ફાડા | ૧૩૧૧ | ૧૬૫૬ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૩૦૦૦ |
| તલ કાળા | ૧૧૦૦ | ૨૯૩૦ |
| તલ કાશ્મીરી | ૨૫૭૫ | ૩૦૦૫ |
| બાજરો | ૩૩૦ | ૪૬૪ |
| જુવાર | ૪૩૦ | ૮૪૯ |
| ઘઉં ટુકડા | ૪૫૬ | ૬૮૪ |
| ઘઉં લોકવન | ૪૫૦ | ૬૧૨ |
| મગ | ૧૦૧૦ | ૧૮૨૭ |
| ચણા | ૯૦૯ | ૧૨૧૩ |
| ચણા દેશી | ૧૧૨૦ | ૧૩૫૬ |
| તુવેર | ૧૦૦૦ | ૨૨૯૦ |
| એરંડા | ૧૦૨૦ | ૧૦૪૭ |
| જીરું | ૨૮૦૦ | ૪૭૦૦ |
| રાયડો | ૮૮૦ | ૯૬૦ |
| રાઈ | ૧૧૩૦ | ૧૧૫૦ |
| ગમ ગુવાર | ૯૧૫ | ૯૧૫ |
| ધાણા | ૧૨૦૦ | ૧૫૬૫ |
| ધાણી | ૧૩૨૦ | ૨૦૦૦ |
| અજમા | ૧૫૫૦ | ૨૭૨૦ |
| મેથી | ૮૫૦ | ૯૭૦ |
| સોયાબીન | ૬૮૦ | ૮૭૯ |
| મરચા લાંબા | ૬૫૦ | ૩૨૧૦ |
| સુવાદાણા | ૧૩૨૦ | ૧૫૭૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૬૦ | ૪૦૦ |
| બટેટા | ૪૧૦ | ૪૮૦ |
| રીંગણાં | ૪૨૦ | ૫૨૦ |
| ફુલાવર | ૨૧૦ | ૩૧૦ |
| કોબીજ | ૧૫૦ | ૨૦૦ |
| શક્કરિયા | ૩૧૦ | ૪૧૦ |
| ટામેટા | ૨૬૦ | ૩૬૦ |
| સુરણ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૨૫૦ | ૩૦૦ |
| દૂધી | ૧૪૦ | ૨૦૦ |
| કરેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૩૧૦ | ૪૧૦ |
| ગુંદા | ૪૨૦ | ૫૨૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૪૦૦ | ૬૦૦ |
| વટાણા | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ચોળાશીંગ | ૮૦૦ | ૯૦૦ |
| તુરીયા | ૬૨૦ | ૮૨૦ |
| પાકી કેરી | ૧૨૦૦ | ૧૯૦૦ |
| કાચી કેરી | ૬૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૩૦૦ | ૫૦૦ |
| આદુ | ૨૨૦૦ | ૨૪૦૦ |
| કોથમીર | ૨૦૦ | ૩૦૦ |
| મેથીભાજી | ૫૦૦ | ૬૦૦ |
| ફુદીનો | ૪૦૦ | ૫૦૦ |
| ટીંડોરા | ૩૫૦ | ૪૫૦ |
| બીટ | ૨૦૦ | ૩૦૦ |
| ગરમર | ૫૩૦ | ૭૩૦ |
| સરગવો | ૪૧૦ | ૫૧૦ |
| લીમડો મીઠો | ૧૪૦ | ૧૮૦ |
| મરચા લીલા | ૪૦૦ | ૮૦૦ |
| ડુંગળી લીલી | ૩૦૦ | ૪૦૦ |
| ડુંગળી સૂકી | ૧૦૦ | ૩૦૦ |
| લસણ લીલું | ૨૦૧૦ | ૨૫૧૦ |
| લસણ સૂકું | ૨૬૩૦ | ૨૮૩૦ |
| મકાઇ | ૩૦૦ | ૪૦૦ |
| લીંબુ | ૨૦૦૦ | ૨૨૦૦ |
| પાલક | ૪૦૦ | ૫૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૨૫૧ | ૧૪૮૧ |
| શીંગ મઠડી | ૮૭૫ | ૧૨૬૦ |
| શીંગ મોટી | ૯૩૧ | ૧૨૬૫ |
| શીંગ નવી | ૧૧૭૭ | ૧૩૫૩ |
| તલ સફેદ | ૨૫૦૦ | ૨૭૧૧ |
| તલ કાળા | ૨૮૫૧ | ૩૧૧૧ |
| જીરૂ | ૪૮૫૧ | ૫૩૦૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૩૯ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૬૪ |
| બાજરો | ૪૦૦ | ૪૮૯ |
| જુવાર | ૪૦૦ | ૭૦૪ |
| મગ | ૧૬૦૦ | ૧૮૧૮ |
| અડદ | ૧૫૦૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૦૦ | ૧૦૬૪ |
| તુવેર | ૧૫૦૦ | ૧૮૦૦ |
| એરંડી | ૧૦૦૦ | ૧૦૬૪ |
| મેથી | ૮૫૦ | ૯૫૨ |
| રાય/રાયડો | ૯૦૦ | ૧૧૦૦ |
| ધાણા | --- | ૧૩૫૧ |
| સોયાબીન | ૮૦૦ | ૮૫૪ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૨૭૫ | ૧૫૦૫ |
| મગફળી | ૧૧૦૫ | ૧૧૪૫ |
| ઘઉં | ૪૬૦ | ૫૭૦ |
| ચણા | ૧૧૬૫ | ૧૨૨૫ |
| જીરૂ | ૩૬૧૦ | ૫૩૦૦ |
| તલ સફેદ | ૨૩૪૫ | ૨૬૨૫ |
| એરંડા | ૯૭૫ | ૧૦૩૫ |
| **ધારી** | | |
| કપાસ | ૧૧૫૫ | ૧૩૦૦ |
| મગફળી | ૧૧૫૧ | ૧૧૫૨ |
| ઘઉં | ૪૭૫ | ૫૧૧ |
| ચણા | ૧૦૭૦ | ૧૨૦૦ |
| સફેદ ચણા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| તુવેર | ૧૭૦૧ | ૧૭૦૧ |
| એરંડા | ૧૦૩૬ | ૧૦૫૬ |
| ધાણા | ૧૩૯૦ | ૧૩૯૦ |
| મગ | ૧૬૪૯ | ૧૬૪૯ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૫૦ |
| ઘઉં | ૪૦૦ | ૫૬૦ |
| મગ | ૧૭૬૦ | ૧૭૬૦ |
| ચણા | ૧૦૦૦ | ૧૧૮૫ |
| તુવેર | ૧૦૦૦ | ૨૧૦૦ |
| મગફળી | ૮૦૦ | ૧૨૦૮ |
| શીંગફાડા | ૧૩૦૦ | ૧૪૫૦ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૩૦ |
| મેથી | ૮૦૦ | ૯૧૦ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૮૫૧ |
| ધાણા | ૧૦૦૦ | ૧૩૦૦ |
| **ગોંડલ** | | |
| કપાસ બી. ટી. | ૧૧૦૧ | ૧૫૨૧ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૬૧૨ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૬૪૬ |
| મગફળી જીણી | ૯૨૧ | ૧૩૩૧ |
| સિંગ ફાડીયા | ૯૨૧ | ૧૬૩૧ |
| એરંડા / એરંડી | ૯૦૦ | ૧૦૮૬ |
| જીરૂ | ૩૦૦૦ | ૫૪૪૧ |
| ક્લોંજી | ૨૪૦૧ | ૩૯૦૧ |
| વરીયાળી | ૮૭૬ | ૧૫૦૧ |
| ધાણા | ૮૫૧ | ૧૯૩૧ |
| મરચા સૂકા પટ્ટો | ૮૦૧ | ૫૯૦૧ |
| લસણ સુકું | ૯૯૧ | ૩૦૦૧ |
| ડુંગળી લાલ | ૧૦૧ | ૩૦૧ |
| અડદ | ૧૩૦૧ | ૧૯૦૧ |
| મઠ | ૯૭૬ | ૯૭૬ |
| તુવેર | ૧૨૦૧ | ૨૩૨૧ |
| રાજગરો | ૧૦૭૬ | ૧૦૭૬ |
| રાયડો | ૮૦૦ | ૯૫૧ |
| મેથી | ૬૫૧ | ૧૨૬૧ |
| કાંગ | ૮૮૧ | ૯૪૧ |
| સુરજમુખી | ૬૮૧ | ૬૮૧ |
| મરચા | ૮૫૧ | ૩૩૫૧ |
| ગુવાર બી | ૯૪૧ | ૯૪૧ |
| મગફળી જાડી | ૮૭૧ | ૧૩૯૬ |
| સફેદ ચણા | ૧૨૩૬ | ૨૦૭૧ |
| તલ – તલી | ૧૮૦૦ | ૨૬૯૧ |
| ઇસબગુલ | ૨૦૩૧ | ૨૩૪૧ |
| ધાણી | ૯૫૧ | ૨૦૦૧ |
| ડુંગળી સફેદ | ૧૫૦ | ૨૭૨ |
| બાજરો | ૩૮૧ | ૪૫૧ |
| જુવાર | ૪૦૧ | ૭૬૧ |
| મકાઇ | ૪૪૧ | ૪૯૧ |
| મગ | ૯૫૧ | ૧૮૭૧ |
| ચણા | ૧૧૦૧ | ૧૨૨૬ |
| વાલ | ૫૧૧ | ૧૯૨૧ |
| ચોળા / ચોળી | ૧૪૦૧ | ૨૧૭૬ |
| સોયાબીન | ૭૫૦ | ૮૯૬ |
| અજમા | ૧૧૦૧ | ૨૩૦૧ |
| ગોગળી | ૯૦૦ | ૧૧૯૧ |
| **રાજુલા** | | |
| કપાસ | ૧૦૦૦ | ૧૪૮૧ |
| તલ લફેદ | ૧૯૦૦ | ૨૬૬૫ |
| બાજરો | ૩૫૦ | ૫૦૮ |
| ઘઉં ટુકડા | ૪૬૧ | ૫૪૧ |
| જુવાર | ૪૦૦ | ૭૬૨ |
| મગ | ૧૧૦૭ | ૧૭૦૫ |
| મેથી | ૯૫૦ | ૯૫૦ |
| ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| જીરૂ | ૪૫૦૦ | ૪૫૦૦ |
| એરંડી | ૮૨૫ | ૮૨૫ |
| ચોલેચણા | ૧૯૦૦ | ૧૯૦૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૨૨૫ | ૧૪૮૫ |
| ચણા | ૧૧૭૧ | ૧૨૧૦ |
| જુવાર સફેદ | ૬૭૦ | ૬૮૦ |
| તુવેર | ૧૮૫૨ | ૧૯૩૧ |
| એરંડા | ૧૦૧૧ | ૧૦૨૮ |
| તલ | ૨૬૬૫ | ૨૬૬૫ |
| જીરૂ | ૪૨૦૧ | ૪૨૦૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૪૪૦ |
| ચણા | ૯૨૫ | ૧૨૦૧ |
| ધાણા | ૯૩૫ | ૧૨૮૫ |
| મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ઘઉં લોકવન | ૪૧૮ | ૫૩૦ |
| ઘઉં ટુકડા | ૪૮૪ | ૪૯૮ |
| મેથી | ૯૦૦ | ૯૦૪ |
| મકાઈ | ૪૬૦ | ૪૬૦ |
| તુવેર | ૧૬૦૫ | ૧૯૦૦ |
| મગફળી | ૧૧૨૦ | ૧૧૨૦ |
| સોયાબીન | ૮૬૫ | ૮૭૦ |
| તલ સફેદ | ૨૩૯૦ | ૨૮૫૦ |
| ચણા સફેદ | ૧૧૨૬ | ૧૧૨૬ |
| તલ કાળા | ૨૪૦૦ | ૨૪૦૦ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૨૧૦ | ૧૩૮૫ |
| મગફળી ૩૨ નં. | ૧૧૯૦ | ૧૨૯૧ |
| બાજરી હાઈબ્રીડ | ૪૦૦ | ૫૦૮ |
| ઘઉ | ૪૫૦ | ૫૩૩ |
| રાયડો | ૯૨૫ | ૯૯૦ |
| જુવાર | ૪૫૦ | ૭૪૫ |
| ચોળી | ૨૦૦૦ | ૨૬૪૨ |
| અડદ | ૧૬૬૦ | ૧૯૬૬ |
| મગ | ૧૬૧૦ | ૨૦૩૮ |
| એરંડી | ૯૦૦ | ૧૦૬૦ |
| ચણા | ૧૧૫૦ | ૧૨૨૫ |
| સફેદ તલ | ૨૨૫૦ | ૨૬૨૨ |
| કાળા તલ | ૨૫૦૦ | ૩૨૦૦ |
| સોયાબીન | ૭૫૦ | ૮૮૮ |

## શબ્દ સંજોગ-૧૭૯૭



**આડી ચાવી :**
(૧) આફ્રિકાનું એક મોટુ પક્ષી (૪)
(૪) પચેલું, જરેલું (૩)
(૬) એક ધાતુ (૩)
(૮) દાંડીયાત્રાના માર્ગમાં આવતુ એક ગામ (૨)
(૧૦) બાઈક, સ્કૂટર, રિક્ષા વગેરે શું કહેવાય? (૩)
(૧૧) ભિન્ન, જુદુ (૩)
(૧૨) એક ફળનું ઝાડ (૨)
(૧૪) આ તો પિતાજીની દીકરીની માતાના ભાઈ (૨)
(૧૫) માતા (અંગ્રેજી) (૩)
(૧૭) ખબર, બાતમી (૩)
(૧૯) સોનું(અવળું) (૨)
(૨૦) એક રાશિ (૨)
(૨૨) વિષ્ણુ, પ્રભુ (૩)
(૨૪) સ્ત્રીઓનો એક કેશ કલાપ (૩)
(૨૬) પ્રામાણિક, સાચું (૨)
(૨૮) એક પક્ષી થયું અવળું (૨)
(૨૯) કરચલો (૨)
(૩૦) ઠગાઈ કરનાર વ્યક્તિ (૨)
(૩૧) રાત્રે લેવાતું ભોજન(અંગ્રેજી) (૩)

**ઉભી ચાવી :**
(૨) અતિ તીવ્ર, અતિશય (૪)
(૩) હાથી (૨)
(૪) હણાયેલું, મરાયેલું (૩)
(૫) હંસ (૩)
(૭) ....મેવ જયતે (૨)
(૯) સુવિધા, વ્યવસ્થા (૪)
(૧૦) જાણીતું, માહિતગાર (૩)
(૧૧) એક તિથિ (૩)
(૧૩) ગુસ્સો (૨)
(૧૫) દયા, કૃપા (૩)
(૧૬) વિષ્ણુ, પ્રભુ (૩)
(૧૮) કાણા-કાણાંવાળી નાની માટલી (૩)
(૨૧) એક નહીં, બહુ (૩)
(૨૩) ભારતનું એક શહેર (૩)
(૨૪) હાથી ઉપરની બેઠક (૩)
(૨૫) અમેરિકી ચલણ (૩)
(૨૭) એક રાશિ (૨)

## શબ્દ સંજોગ-૧૭૯૬ જવાબ

**આડી ચાવી :** (૧) તવારીખ (૪) કીર (૭) મમતા (૯) વિનય (૧૨) ણવેલ(વેલણ) (૧૩) અંતર (૧૫) ભૈરવી (૧૭) વાલ (૧૮) પ્યાર (૧૯) તમાલ (૨૨) વર (૨૪) વાસણ (૨૫) મેષ (૨૬) પરમ (૨૮) જોશ (૨૯) તિથિ (૩૦) રોમ (૩૧) શ્રી.

**ઉભી ચાવી :** (૧) તથા (૨) રીમ (૩) ખમણ (૫) રવિ (૬) વાય (૮) તાવેથો (૧૦) નજર (૧૧) શ્વેત (૧૩) અંગત (૧૪) રવાલ (૧૫) ભૈરવ (૧૬) વીજ (૨૦) માર્જર (૨૧) લસણ (૨૩) રમેશ (૨૬) પળ (૨૭) મતિ (૨૮) જોમ.

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI.No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

# વડોદરામાં ટ્રેનના વેગનમાં ચઢીને વીજ વાયર પકડી લેતા યુવક થયો ભડથું

(એ.આર.એલ),વડોદરા,તા.૮

વડોદરામાં પંડ્યા બ્રિજ નીચે પેટ્રોલ ભરેલા ટ્રેનના વેગનમાં આગ ફાટી નીકળી હતી. આ બનાવ અંગે ફાયરબ્રિગેડને જાણ કરાતા ફાયરના કર્મચારીઓ ત્રણ વાહન સાથે ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. લાંબી જહેમત બાદ તેમણે આગને કાબૂમાં લીધી હતી. દરમિયાન વેગનની પાસેથી એક યુવકનો દાઝી ગયેલી હાલતમાં મૃતદેહ



મળ્યો હતો. વડોદરા રેલવે પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે સયાજી હોસ્પિટલમાં મોકલી આપ્યો હતો. પોલીસ તપાસમાં આ યુવક શર્ટ ઉતારીને ટ્રેનના વેગનમાં ચઢી ગયો હતો અને જીવંત વીજ વાયરને પકડી લેતા આગમાં ભડથુ થઈ ગયો હતો અને ટ્રેનના વેગનમાં આગ ફાટી નીકળી હતી. આ બનાવની વિગત મુજબ વડોદરા રેલવે સ્ટેશન પાસે આવેલા પંડ્યા બ્રિજ નજીક ૮ મેના રોજ વહેલી સવારે અંદાજે ૬ વાગ્યે પેટ્રોલ ભરેલા ટ્રેનના વેગનમાં આગ લાગી હતી. જેને પગલે આસપાસના લોકોમાં ગભરાટ સાથે દોડધામ મચી ગઈ હતી.

સ્થાનિક લોકોએ ફાયરબ્રિગેડને જાણ કરતા દાંડિયા બજાર, વડીવાડી અને ટીપી-૧૩ ફાયર સ્ટેશનોનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. તાત્કાલિક તેમણે હાઈ ટેન્શન લાઈનનો વીજ પાવર બંધ કરાવીને પાણીનો મારો ચલાવ્યો હતો. બાદમાં તેમણે આગ પર કાબૂ મેળવ્યો હતો. બાદમાં અંદાજે ૭ વાગ્યે વેગનને આગળ જવા રવાના કરાયું હતું.

# પાટણ સિવિલમાં ફરજ બજાવતી નર્સે પ્રેમી સાથે લગ્ન કરવા આપઘાતનું નાટક કર્યું

(એ.આર.એલ),પાટણ,તા.૮

પ્રેમી સાથે લગ્ન કરવા છોકરી આપઘાતનું નાટક પણ કરી શકે. ગુજરાતના પાટણમાં આવો એક કિસ્સો સામે આવ્યો છે જેમાં સ્યુસાઈડ નોટ આવ્યાં બાદ બધાને લાગતું કે છોકરીએ આપઘાત કરી લીધો છે પરંતુ જ્યારે થોડા દિવસ બાદ ખુદ તે પ્રેમી સાથે રુબરુ સામે આવી ત્યારે બધાને આંચકો લાગ્યો હતો અને તેનો ભાંડો ફૂટ્યો હતો. પાટણ સિવિલ હોસ્પિટલમાં ફરજ બજાવતી નર્સ ગુમ થવા મામલે નવો વળાંક આવ્યો છે. નર્સ તરીકે ફરજ બજાવતી પ્રીતિ પરમાર દસ દિવસ પહેલા નાઈટ શિફ્ટમાં નોકરી પર જાવ છું કહીને ઘરેથી નીકળી હતી. આ પછી તેણે આપઘાતનું નાટક કર્યું અને પોતાની ભાભીને વોટ્સએપ પર સ્યુસાઈડ નોટ મોકલી દીધી હતી. પ્રીતિએ સ્યુસાઈડ નોટમાં લખ્યું હતું હું જિંદગીથી કંટાળી ગઈ છું. જિંદગીમાં



ઘણું બધું કરવાની ઈચ્છા હતી પણ હવે મને નફરત થઈ ગઈ છે તેથી હું આપઘાત કરુ છું. છોકરીની સ્યુસાઈડ નોટ આવતાં ઘરમાં હડકંપ મચ્યો હતો અને બધા પોલીસ સ્ટેશન ભાગ્યા હતા અને ફરિયાદ લખાવી હતી. પોલીસે પણ તપાસ શરુ કરી હતી પરંતુ કોઈ કડી મળતી નહોતી પરંતુ ગુમ થયાના ૧૦ દિવસ બાદ મામલો મેદાને આવ્યો. આપઘાતના બહાને ૧૦ દિવસ ગુમ રહ્યા બાદ લગ્ન કરીને પ્રીતિ પ્રેમી સાથે પાટણ બી ડિવિઝન પોલીસ મથકે હાજર થઈ ગઈ હતી અને પોલીસને સાચી વાતની જાણ કરી દીધી હતી.

# અમદાવાદમાં ગરમીમાં વધારો થતાં ઓપીડીમાં દર્દીઓની સંખ્યા વધી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૮

અમદાવાદમાં ગરમીમાં વધારો થતાં ઓપીડીમાં દર્દીઓની સંખ્યામાં વધારો થયો છે. સોલા સિવિલ હોસ્પિટલમાં ઓપીડીમાં એક જ સપ્તાહમાં ૧,૦૬૬ દર્દીઓ જોવા મળ્યા છે. તેની સાથે વાઈરલ ઈન્ફેકશનના કેસમાં પણ વધારો નોંધાયો છે.

આ કેસમાં મેલેરિયાના ૨૨૩, ડેન્ગ્યુના ૮૩ અને ચિકનગુનિયાના ૭ કેસ સહિત વાઈરલ કેસમાં નોંધપાત્ર ઉછાળો નોંધાયો છે. લોકોના આરોગ્ય પર કાળઝાળ ગરમીની અસર જોવા મળી રહી છે. અમદાવાદમાં પાણીજન્ય રોગચચાળો બેકાબૂ બની રહ્યો છે. ઝાડા ઉલ્ટીના ૧,૩૬૬ તથા કોલેરાના ૧૮ કેસ નોંધાયા છે. વટવા અને અમરાઈવાડી, દાણીલીમડાની સાથે મણિનગર, લાંભાની જોડે વસ્ત્રાલમાં કોલેરાના કેસ મહિનામાં નોંધાયા છે. પાણીના સેમ્પલ પૈકી ૧૩૪ સેમ્પલ યુનિ.ના આરોગ્ય વિભાગે અનફીટ જાહેર કર્યા છે.

# સુરતમાં એમ.ડી. ડ્રગ્સ લાવનારની યુ.પી.થી ધરપકડ કરતી પોલીસ

### આરોપીને પકડવા પોલીસે મુસ્લિમનો વેશ ધારણ કર્યો

સુરત,તા.૮

સુરતમાં સપ્તાહ પૂર્વે લાલગેટથી એસઓજીએ રૂા.૧ કરોડનું એમ.ડી. ડ્રગ્સ પકડી પાડવાના કેસમાં ૧૮૦૦ કિમી પીછો કરી SOGએ મુસ્લિમ વેશ ધારણ કરીને યુપીની દરગાહ પર બહાર વોચ ગોઠવી ડ્રગ્સ માફિયા એવા મુખ્ય સૂત્રધાર મોહંમદ કાસીફ ઈકબાલ ઉર્ફે પસીના શેખ(૩૦) (રહે.રામપુરા, મૂળ રહે.કસાઈન, ઉન્નાવ, યુપી)ને દબોચી લીધો છે. મુંબઈથી ૧ કરોડનું ડ્રગ્સ કાસીફે મંગાવ્યું હતું. હજુ તેનો સાગરિત શહેબાઝ ઈર્શાદ હુસૈન ખાન હજુ



ફરાર છે. કાસીફ મુંબઈના સાયણ અને નાલાસોપારાથી માણસો મારફતે એમ.ડી. ડ્રગ્સ મંગાવતો હતો. પોલીસથી બચવા કાસીફ મુંબઈથી યુપી ભાગી ગયો હતો. રસુલાબાદમાં રોકાયા પછી ઉન્નાવ બારાબાંકીમાં દેવા શરીફની દરગાહ ગયો હતો. આથી એસઓજી મુસ્લિમ વેશ ધારણ કરી વોચમાં ગોઠવાઈ હતી. મોડીરાતે સૂતેલા ૪૦૦ લોકોમાંથી શોધી કાઢ્યો હતો. કોઈ ન ઓળખે માટે કાસીફે વાળ, દાઢી અને મૂછ કઢાવી નાખ્યા હતા.

# બનાસકાંઠાના ધાનેરામાં એક અજાણ્યા યુવાને ટ્રેન નીચે પડતું મૂકી જીવન ટૂંકાવ્યુ

પાલનપુર,તા.૮

ધાનેરામાં ઘણો જ કરૂણ અકસ્માત સામે આવ્યો છે. ધાનેરાના માલોકરા ફાટક નજીક અગમ્ય કારણોસર યુવક ટ્રેન નીચે આવી જતા મોત નિપજ્યુ હતું. ધાનેરા પોલીસ અને રેલ્વે પોલીસે ઘટનાસ્થળે પહોંચીને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવ્યો. હાલ આ યુવાન પાસેથી કોઈ અંતિમ ચિઠ્ઠી મળી હોવાનું સામે આવ્યું નથી. ધાનેરા પોલીસે આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

આ દુર્ઘટના બાદ આસપાસના લોકો અહીં દોડી આવ્યા હતા. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે, બનાસકાંઠાના ધાનેરામાં એક અજાણ્યા યુવાને ટ્રેન નીચે પડતુ મુકી જીવન ટૂંકાવ્યુ હતું. ધાનેરાના માલોતરા ફાટક નજીક અગમ્ય કારણોસર યુવક ટ્રેન નીચે આવી જતા મોત નિપજ્યુ. ધાનેરા પોલીસ અને રેલવે પોલીસે ઘટનાસ્થળે પહોંચી ત્યાં તપાસ હાથ ધરી હતી.

# જૂનાગઢમાં મતદાનનો ફોટો સોશિયલ મીડિયામાં વાયરલ કરનારની ધરપકડ

જૂનાગઢ,તા.૮

જૂનાગઢ લોકસભાની બેઠકનાં મતદાન દરમિયાન જૂનાગઢના એક શખ્સે મતદાન કરતી વખતે પોતે મતદાન કરે છે અને કોને મત આપે છે તેનો ફોટો પાડી સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. પોતાનો મોબાઈલ ફોન લઈ જઈ મતદાનની ગુપ્તતા જાળવી ન હોવા અંગેના સમાચાર ટીવી ચેનલોમાં



પ્રસારિત થયા હતા અને મતદાન કરતી વખતે પોતે કોને મત આપે છે તે વિગતોનો ફોટો પ્રસિદ્ધ થયો હતો. જેના પગલે પોલીસ હરકતમાં આવી હતી. પોલીસ તપાસમાં સોશિયલ મીડિયામાં નૈતિક ગઢીયાના નામની આઈડી ઉપર ફોટો અપલોડ થયાની માહિતી મળતા એલસીબી અને બી ડિવિઝન પોલીસે આઈડી ધારક નૈતિક ગઢીયાને ગણતરીની કલાકોમાં ઝડપી લઈ તેની પાસેથી રૂપિયા ૧૦૦૦ની કિંમતનો મોબાઈલ કબજે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

# ચૈત્રી અમાસે જૂનાગઢ દામોદર કુંડમાં પિતૃ તર્પણ માટે ભારે ભીડ

જૂનાગઢ, તા.૮

ગરવા ગિરનારની ગોદમાં આવેલ દામોદર કુંડ કે જે ભારતની ૪૨ નદીઓમાંની એક નદી એટલે સોનરખ નદી આ દામોદર કુંડમાંથી પસાર થાય છે. ત્યારે દરેક માસની અમાસ નિમિત્તે જૂનાગઢના દામોદર કુંડ ખાતે મોટી સંખ્યામાં લોકો પિતૃ તર્પણ માટે ઉમટી પડતા હોય છે. ચૈત્રી માસ નિમિત્તે લોકો પિતૃ



ઓના મોક્ષ માટે તર્પણ કર્મ કરી અને પિતૃઓને જલ અર્પણ કરે છે અને પિંડદાન કરે છે. અમાસના દિવસે લોકો પોતાના પિતૃઓના મોક્ષ સદગતિનું કર્મ કરવા ઉમટી પડે છે. જ્યારે દામોદર કુંડના ઘાટ ખાતે બ્રાહ્મણો પાસે તર્પણ કરાવે છે અને શ્રદ્ધાથી શ્રદ્ધાળુઓ બ્રાહ્મણોને દાન અર્પણ કરી ધન્યતા અનુભવે છે. અમાસનો દિવસ એટલે પિતૃ મોક્ષાર્થે જલાંજલિ અને તર્પણ માટે મહત્વનો દિવસ ગણી શકાય છે. શ્રદ્ધાળુઓએ પિતૃતર્પણ કરી દામોદર કુંડમાં સ્નાન કરી ધન્યતા અનુભવી હતી સાથે પરિવારની સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી.

# જસદણ તાલુકાના ગોખલાણા પાસે યુવાનનો ઝેરી દવા પી આપઘાત

જસદણ, તા.૮

જસદણના ગોખલાણા ગામ પાસે યુવાને ઝેરી દવા પી લેતા તેને સારવાર માટે રાજકોટની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા બાદ મોત નિપજતા પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. પ્રાપ્ત વિગત મુજબ જસદણના ગોખલાણા ગામે રહેતો સંજય ગોબરભાઈ ખેતરીયા (ઉ.વ.૨૨) પોતાના ઘરેથી કામે જવાનું કહીને નીકળ્યા બાદ ગામ નજીક રોડ પર તેણે ઝેરી દવા પી લીધી હતી. બાદ તેણે તેના કૌટુંબીક ભાઈને પોતે દવા પીધી હોવાની જાણ કરતા કૌટુંબીક ભાઈ દોડી આવ્યો હતો અને તેને સારવારમાં ખસેડ્યો હતો. ત્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૃતક સંજય ત્રણ ભાઈ અને બે બહેનમાં ચોથા નંબરનો હતો. તે પ્લમ્બીંગ કામ કરતો હતો. યુવાનના આપઘાત પાછળ પ્રેમકરણ કારણભુત હોવાની તેના પિતાએ શંકા વ્યકત કરી છે. આ અંગે જસદણ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# સુરતના પુણા વિસ્તારમાં ટ્રક નીચે આવી જતા બાઈકચાલકનું મોત

સુરત,તા.૮

સુરતના પુણા વિસ્તારમાં ગંગા હોસ્પિટલ પાસેથી પસાર થતી વખતે બાઈક ઉપર સવાર બે યુવકોને અકસ્માત નડ્યો હતો. યુવકો પૂરપાટ ઝડપે પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન એક ટેમ્પો આગળ હતો અને ટ્રક પાછળથી આવી રહી હતી. બાઈક ઉપર જતા યુવકો આગળ જતા ટેમ્પો સાથે અથડાઈ જવાના ડરે બાઈક ચાલકે બ્રેક મારતા બાઈક ઉપર બેઠેલા બંને યુવકો



સ્લિપ થતાની સાથે જ રોડ ઉપર પટકાયા હતા. રોડ પર પટકાતા બાજુમાંથી પસાર થતી ટ્રકના પાછલા ટાયરમાં બાઈક ચાલક યુવક કચડાઈ ગયો હતો.

# ધ્રોલમાં કુમાર છાત્રાલયનો કાટમાળ ધરાશાયી થતા એક બાળકનું મોત

ધ્રોલ,તા.૮

જામનગર જીલ્લાના ધ્રોલમાં જર્જરિત ઈમારત ધરાશાયી થવાની ઘટના સામે આવી છે જેમાં ધ્રોલ તાલુકામાં નૂરી હાઈસ્કૂલ સામે વણકર સમાજની કુમાર છાત્રાલયનો કાટમાળ ધરાશાયી થતા ૨ બાળકો દટાઈ ગયા હતા. ત્યારે ઘટનાની જાણ થતા પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોચ્યો હતો અને JCB દ્વારા બચાવ



કામગીરી શરુ કરવામાં આવી હતી. ઘટનામાં ૧ બાળકનું મોત તો અન્ય એક બાળક સારવાર હેઠળ છે. મળતી વિગતો અનુસાર ધ્રોલમાં નૂરી હાઈસ્કૂલ સામે વણકર સમાજની જુની કુમાર છાત્રાલયની દિવાલ પડતા ૨ બાળકો દટાયા ઘટનાની જાણ થતા પોલીસ, સ્થાનિક લોકો સહિતના લોકો ઘટના સ્થળે દોડી ગયા હતા અને બે જેસીબીની મદદથી બંને બાળકોને બહાર કાઢ્યા હતા. આ ઘટનામાં ૧૨ વર્ષીય ગોપાલનું મોત નિપજતા પરિવારમાં ગમગીની છવાઈ છે. આરોહી રવિ પરમાર નામની બાળકી સારવાર હેઠળ છે ત્યારે આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# ઉનાનાં સામતેર ગામના યુવાને લગ્નમાં સાત ફેરા ફરતા પહેલાં મતદાન કર્યું

ઉના, તા.૮

ઉનાના સામતેર ગામના યુવાને લગ્ન મંડપમાં સાત ફેરા પહેલાં જ લોકશાહીનાં પર્વ અવસરે મતદાન મથક પર પહોંચી



મતદાન કર્યુ હતું. સામતેર ગામમાં રહેતા ભરતભાઈ જીવાભાઈ ચૌહાણનાં મતદાનના દિવસે લગ્ન હતાં, જોકે શુભમુહૂર્તમાં પોતાની જાન લઈને પરણવા જતાં પહેલાં જ પોતાના ગામમાં મતદાન મથક પર પોતે શેરવાની અને હાથમાં તલવાર સાથે બૂથમાં પહોંચ્યા હતા અને મતદાન કરી ઉત્સાહ સાથે જાન લઈ પરણવા ગયાં હતાં.

# અમેરિકાખાતે સ્વામિનારાયણ સનાતન મંદિરનાં પાટોત્સવની ભવ્ય ઉજવણી

અમદાવાવ,તા.૮

અમેરિકાના જ્યોર્જિયા સ્ટેટમાં આવેલા સવાનાહ શહેરમાં સ્વામિનારાયણ સનાતન મંદિરમાં બિરાજતા દેવોના પંચમ પાટોત્સવ નિમિત્તે પંચાબ્દિ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પંચાબ્દિ મહોત્સવના પ્રથમ દિવસે માનસરોવરનું ભવ્ય પૂજન કરવામાં આવ્યું. મહોત્સવના બીજા દિવસે રૂદ્રયાગનું આયોજન થયું હતું. જેમાં પંચાબ્દિ મહોત્સવના



યજમાનો સપરિવાર યજ્ઞમાં જોડાયા હતા. મહોત્સવના તૃતીય દિને દ્વાદશ જ્યોતિર્લિંગનો પ્રથમ પાટોત્સવ હોવાથી સ્વામી માધવપ્રિયદાસજીએ માનસરોવરના પવિત્ર જળ, વિવિધ ઔષધિ દ્રવ્યો, પંચામૃત, કેસરજળ વગેરેથી વૈદિક મંત્રોના ગાન સાથે દ્વાદશ જ્યોતિર્લિંગનું મહાભિષેક દ્વારા પૂજન કર્યુ હતું. ત્રિદિનાત્મક પંચાબ્દિ મહોત્સવમાં દરરોજ સંધ્યા આરતી બાદ સ્વામી માધવપ્રિયદાસજીએ રઘુવંશના મહાન રાજાઓ તથા ભગવાન શ્રીરામચંદ્રજીની કથાનું શ્રવણ કરાવ્યું હતું. મહોત્સવના દિવ્યાનંદને માણવા માટે જ્યોર્જિયા, ફ્લોરીડા, સાઉથ-નોર્થ કેરોલાઈના સ્ટેટના વિવિધ વિસ્તારોમાંથી ખૂબ જ મોટી સંખ્યામાં ભક્તજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# જામનગરમાં પ્રેમલગ્ન બાદ યુવક યુવતી પર ૭ લોકોનો હુમલો

જામનગર,તા.૮

જામનગરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતી એક યુવતીએ મુસ્લિમ યુવક સાથે પ્રેમલગ્ન કર્યા હતા. જેનો ખાર રાખી યુવકના પાડોશમાં રહેતી ત્રણ મહિલાઓ સહિત સાત લોકોએ યુવતીને જાતિ પ્રત્યે હડધૂત કરી યુવકના માથામાં ગંભીર ઈજા પહોંચાડતા ચાર લોકોને સારવાર માટે ખસેડવામાં



આવ્યા છે. આ મારામારીના બનાવની વિગત એવી છે કે જામનગરમાં ચુનાના ભઠ્ઠા પાસે ઢોલીયા પીરની દરગાહ નજીક રહેતી નર્મદાબેન નામની મહિલાએ અહેમદ રજા નામના મુસ્લિમ યુવાન સાથે પ્રેમલગ્ન કર્યા હતા. દરમિયાન પાડોશમાં રહેતા અશરફ જુમા ખફી, જાવેદ જુમા ખફી તેમજ આરીફ જુમાં ખફી, શરીફાબેન જાવીદ ખફી, આયેશા જુમાં ખફી અને શિરિન બેન ખફી વગેરે સાત જેટલા પાડોશીઓએ તેનું મનદુઃખ રાખીને દલિત મહિલાને હડધૂત કરી હતી અને માર માર્યો હતો.

# અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં બે હત્યા થતા ચકચાર મચી



અમરેલી, તા.૮

અમરેલી જિલ્લામાં એક જ દિવસમાં બે બે હત્યાથી ચકચાર મચી જવા પામી છે. જેમાં પ્રથમ ઘટના લાઠી તાલુકાના રસનાળ ગામે બની છે. અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના રસનાળ ગામે વાડીમાં ભાગવા વાવવા રાખેલા ઘઉં બાબતે બે શખ્સો વચ્ચે ઝઘડો થયો હતો. હિસાબ જેવી સામાન્ય બાબતે હત્યા થતા ચકચાર મચી જવા પામી છે બનાવની વિગત જોઈએ તો રસનાળ ગામના ખેડૂત જીતેન્દ્રભાઈ સોજીત્રા અને અને સુરેશભાઈ પાચાણી વચ્ચે ખેતીવાડીમાં ભાગ્યું રાખવાના હિસાબ બાબતે માથાકૂટ થઈ હતી ત્યારબાદ ગામના સામાજિક આગેવાન અશોકભાઈ સોજીત્રાને વાડીએ બંને પક્ષો વચ્ચે સમાધાન કરવા માટે બોલાવવામાં આવ્યા હતા. જ્યાં બંને પક્ષો વચ્ચે મામલો બીચકતા જીતેન્દ્રભાઈ સોજીત્રા નામના શખ્સે અશોકભાઈ સોજીત્રા (ઉ.વ. ૫૨)ને ઘાતક હથિયાર ઝીકી દીધું હતું. ત્યાંથી અશોકભાઈ ઘાયલ અવસ્થામાં ગામમાં આવ્યા હતા અને અમરેલી ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નિપજતા ગામમાં સનસની મચી છે. જ્યારે બીજી ઘટનામાં સાવરકુંડલાની ફ્રેન્ડ સોસાયટીમાં રહેતા મીનાબેન જીગ્નેશભાઈ પાઠક ઉંમર વર્ષ ૪૮ ની તીક્ષ્ણ હથિયારથી હત્યા કરવામાં આવી છે તે ઘટનાને લઈને બીનાબેનના મૃતદેહને ૧૦૮ મારફતે સાવરકુંડલા સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો છે અને તેમના પરિવારની પોલીસ પૂછપરછ થઈ રહી છે. હજુ સુધી કોઈ એફઆઈઆર નોંધાઈ નથી. પૂછપરછ બાદ એફઆઈઆર કરવામાં આવશે પ્રાથમિક અનુમાન મુજબ કૌટુંબિક ઝઘડામાં આ ઘટના બની હોવાનું સાંભળવામાં આવે છે.



# પીવી નરસિમ્હા રાવના પરિવારે પ્રધાનમંત્રીને મળીને ભારતરત્ન માટે આભાર વ્યક્ત કર્યો

(એ.આર.એલ),હૈદરાબાદ,તા.૮

હૈદરાબાદમાં પૂર્વ વડાપ્રધાન પીવી નરસિમ્હા રાવના પરિવારના સભ્યો વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મળ્યા અને દિવંગત નેતાને ભારત રત્નથી સન્માનિત કરવા બદલ તેમનો આભાર માન્યો. મંગળવારે સાંજે મહારાષ્ટ્રથી અહીં આવ્યા બાદ નરસિમ્હા રાવના પુત્રો, પુત્રીઓ અને પૌત્રો રાજભવનમાં વડાપ્રધાનને મળ્યા હતા. આ બેઠક લગભગ ૩૦ મિનિટ સુધી ચાલી હતી. પૂર્વ વડાપ્રધાનના પુત્ર પીવી પ્રભાકર રાવ, પુત્રી અને ભારત રાષ્ટ્ર સમિતિ વિધાન પરિષદના સભ્ય વાણી દેવી, તેમના જમાઈ કેઆર નંદન, એક નિવૃત્ત આઈપીએસ અધિકારી અને પૂર્વ વડાપ્રધાનના પૌત્ર એનવી સુભાષ પીએમ મોદીને મળવા પહોંચ્યા હતા. સુભાષ પણ ભાજપના નેતા છે. પીએમ મોદીએ નરસિમ્હા રાવના પરિવાર સાથેની તેમની મુલાકાત શેર કરી, તેમણે નરસિમ્હા રાવને ભારત રત્ન એનાયત કરવા બદલ ભારત સરકારનો આભાર માન્યો.''

# ચૂંટણી નોટીફિકેશન ૨૦૨૪ સુધીમાં હિમાચલના સંસદીય મત વિસ્તારોમાંથી કરોડોની રોકડ, સંપત્તિ જપ્ત કરાઈ

(એ.આર.એલ),શિમલા,તા.૮



હિમાચલ પ્રદેશમાં લોકસભા ચૂંટણી ૨૦૨૪ની નોટિફિકેશન સુધી રોકડ, ઘરેણાં, દારૂ અને ડ્રગ્સની જપ્તી લોકસભા ચૂંટણી ૨૦૧૯ના સ્તરને વટાવી ગઈ છે. આ માહિતી આપતાં મુખ્ય ચૂંટણી અધિકારી મનીષ ગર્ગે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં ૧૧.૩૧ કરોડ રૂપિયાની સામે અત્યાર સુધીમાં કુલ ૧૩.૩૮ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. ગર્ગે કહ્યું કે શિમલા સંસદીય ક્ષેત્રમાંથી સૌથી વધુ ૪.૧૯ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. આ પછી હમીરપુરમાં ૩.૯૮ કરોડ રૂપિયા અને કાંગડામાં ૩.૩૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. પોલીસ, રાજ્ય કર અને આબકારી વિભાગ સહિતની અમલીકરણ એજન્સીઓએ રૂ. ૩.૩૬ કરોડ જપ્ત કર્યા છે. મંડી સંસદીય મતવિસ્તારમાંથી ઓછામાં ઓછા ૧.૮૩ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે ૨૦૧૯માં પોલીસે રોકડ, દારૂ, ડ્રગ્સ અને ૩.૭૩ કરોડ રૂપિયાના અન્ય કિંમતી ઘરેણાં જપ્ત કર્યા હતા.

**ડેનિયલ્સે જુબાની આપી હતી કે ટ્રમ્પે રૂમનો દરવાજો બંધ કરી દીધો હતો**

# અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કોર્ટમાં હાજર થયા, એડલ્ટ સ્ટારે ખુલાસા કર્યા

(એ.આર.એલ),વોશિંગ્ટન,તા.૮

૨૦૧૬ની રાષ્ટ્રપતિની ચૂંટણી પહેલા ૪૫ વર્ષીય ડેનિયલ્સને કથિત રીતે હશ મની આપવાના આરોપોના આધારે અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ તેમની સામે ચાલી રહેલા ઐતિહાસિક ફોજદારી કેસના ૧૩મા દિવસે કોર્ટમાં હાજર થયા. કોર્ટે મુખ્ય સાક્ષી, પૂર્વ એડલ્ટ ફિલ્મ અભિનેત્રી સ્ટોર્મી ડેનિયલ્સની સુનાવણી કરી. તેણે ૨૦૦૬ માં ટ્રમ્પ સાથેના તેના કથિત જાતીય સંબંધોનું





વિગતવાર વર્ણન કર્યું. તેણે જણાવ્યું કે, ટ્રમ્પે કઈ રીતે તેને હોટલના રૂમમાં બોલાવી અને પછી તેને જોતાની સાથે જ તેની સાથે શું કર્યું...

ઉલ્લેખનીય છે કે, અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ ૨૦૧૬ની રાષ્ટ્રપતિ ચૂંટણી પહેલા ડેનિયલ્સને કથિત રીતે હશ મની આપવાના આરોપોના આધારે ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ડેનિયલ્સ, (જેનું સાચું નામ સ્ટેફની ક્લિફોર્ડ છે), તેણે ટ્રમ્પ સાથેના તેના કથિત જાતીય સતામણી વિશે કોર્ટમાં ઘણા કલાકો સુધી વાત કરી, અને નમ્ર વિગતો પ્રદાન કરવામાં પાછળ રહી નહીં. ન્યાયાધીશ જુઆન મર્ચને પણ સ્વીકાર્યું હતું કે 'કેટલીક વસ્તુઓ એવી હતી કે જે ન કીધી હોત તો પણ સારું હતું'. તેમણે ચેતવણી આપી કે જાતીય સંબંધો અંગે કોર્ટમાં આવા અંગત સવાલો ના પૂછશો.

ડેનિયલ્સે અમેરિકન રાજ્ય લ્યુઈસિયાનામાં તેમના બાળપણ અને ઉછેર વિશે વાત કરીને તેમની જુબાનીની શરૂઆત કરી. તેણીએ જણાવ્યું કે તેણી કેવી રીતે વિચિત્ર ડાન્સના પ્રોફેશનમાં આવી. આ એવો ડાન્સ હતો જેમાં તેણે એક એક કરીને પોતાના કપડાં કાઢીને લોકોની સામે સ્ટ્રીપ ડાન્સ કરવાનો હતો.

# એપ્રિલ ૨૦૨૪એ અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

યુરોપની આબોહવા એજન્સી કોપરનિકસ ક્લાઈમેટ ચેન્જ સર્વિસનું કહેવું છે કે એપ્રિલ ૨૦૨૪ એ અત્યાર સુધીનો સૌથી ગરમ મહિનો બનવાનો છે. એપ્રિલ ૨૦૨૪માં ભારે ગરમી હતી અને આ સમયગાળા દરમિયાન સમગ્ર વિશ્વમાં પૂર, દુષ્કાળ, વરસાદ જેવી આપત્તિઓથી જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું હતું. આ સતત ૧૧મો મહિનો છે જેમાં રેકોર્ડ તાપમાન નોંધાયું છે. તાપમાનમાં વધારો અલ નીનોની અસર અને વાતાવરણમાં ફેરફારને આભારી છે. રિપોર્ટ અનુસાર, એપ્રિલમાં સરેરાશ તાપમાન ૧૫.૦૩ ડિગ્રી સેલ્સિયસ હતું, જે ૧૮૫૦-૧૯૦૦ના ઔદ્યોગિક સમય



પહેલાના તાપમાન કરતાં ૧.૫૮ ડિગ્રી સેલ્સિયસ વધારે છે. જ્યારે ૧૯૯૧-૨૦૨૦ની સરખામણીમાં એપ્રિલ ૨૦૨૪નું સરેરાશ તાપમાન ૦.૬૭ ડિગ્રી સેલ્સિયસ વધારે હતું. અગાઉ એપ્રિલ ૨૦૧૬માં સૌથી વધુ તાપમાન નોંધાયું હતું, પરંતુ એપ્રિલ ૨૦૨૪એ તે રેકોર્ડ પણ તોડી નાખ્યો છે. કોપરનિકસ ક્લાઈમેટ એજન્સીના ડાયરેક્ટર કાર્લો બ્યુનોટેમ્પોએ જણાવ્યું હતું કે આ વર્ષની શરૂઆતમાં અલ નીનો અસર ટોચ પર પહોંચી હતી, પરંતુ હવે પૂર્વીય પ્રશાંત મહાસાગરની સપાટીનું તાપમાન સામાન્ય તરફ આગળ વધી રહ્યું છે.

**રાંચી સહિત સમગ્ર ઝારખંડમાં અચાનક હવામાનમાં પલટો આવ્યો**

# ઝારખંડમાં વરસાદ સાથે વાવાઝોડાએ તારાજી સર્જી, ૭ લોકોના મોત

(એ.આર.એલ),રાંચી,તા.૮

રાંચી સહિત સમગ્ર ઝારખંડમાં મંગળવારે સાંજે અચાનક હવામાનમાં પલટો આવ્યો. આ દરમિયાન આંધી સાથે વરસાદ ખાબક્યો. ઘણી જગ્યાએ કરા પડ્યા અને વજ્રપાત થયો. વાવાઝોડા-વરસાદ અને કરા સાથે ઘણા વિસ્તારોમાં જોરદાર તબાહી મચાવી. ઝાડ પડવા અને વજ્રપાતના લીધે ૭ લોકોના મોત થયા છે. જ્યારે



ડઝનો લોકોને ઈજા પહોંચી છે. રાંચી પલામૂ અને ધનબાદમાં બે-બે લોકોના મોત થયા છે જ્યારે કોડરમામાં એક વ્યક્તિનું મોત નિપજ્યું છે. હવામાન વિભાગે આગામી ચાર દિવસ સુધી ભારે પવન અને વજ્રપાતનું યલો એલર્ટ જાહેર કર્યું છે. મળતી માહિતી અનુસાર રાંચીના ટાટીસિલવેમાં વાવાઝોડાના લીધે ઝાડ પડી ગયું હતું. તેમાં એક યુવક અને એક વિદ્યાર્થીનું મોત નિપજ્યું હતું અને ત્રણ લોકોને ઈજા પહોંચી છે. મૃતક સોનૂ સાહૂ ગોંદલીપોખર બેડવાસીનો રહેવાસી હતો. તો બીજી તરફ પલામૂમાં એક કિશોર અને બાળકીનું મોત નિપજ્યું છે.

**ટેકનિકલ ખામીના કારણે બસમાં આગ લાગી હતી. બે EVM સંપૂર્ણપણે સલામત છે**

# બેતુલમાં મતદાન કર્મચારીઓને લઈ જતી બસમાં લાગી આગ, EVM વીવીપીએટી મશીનોને નુકસાન

(એ.આર.એલ),બેતુલ,તા.૮

મધ્યપ્રદેશના બેતુલમાં મતદાન કર્મચારીઓને પરત લાવવાની બસમાં આગ લાગી હતી. આ બસ છ મતદાન મથકોના મતદાન સામગ્રી અને કર્મચારીઓને લઈને બેતુલ જિલ્લા મુખ્યાલય આવી રહી હતી, ત્યારે આ ઘટના બની હતી. ચૂંટણી પૂર્ણ કરીને પરત ફરી રહેલા મતદાન કાર્યકરોએ પણ સળગતી બસમાંથી કૂદીને માંડ માંડ પોતાનો જીવ બચાવ્યો હતો. ડ્રાઈવરે પણ સળગતી બસમાંથી છલાંગ લગાવી



દીધી હતી. આ અકસ્માતમાં તમામ મતદાન કર્મચારીઓ સુરક્ષિત છે.

મળતી માહિતી મુજબ, આ અકસ્માત સાઈખેડા પોલીસ સ્ટેશન વિસ્તારના બિસનૂર અને પૌની ગૌલા ગામની વચ્ચે થયો હતો, જેની માહિતી મળતાં જ પોલીસ અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. બેતુલ, મુલતાઈ અને આથનેરથી ફાયર બ્રિગેડને બોલાવવામાં આવી હતી.

ફાયર ફાઈટરોએ બસની આગને કાબુમાં લીધી હતી અને અંદર રાખેલી મતદાન સામગ્રીને બહાર કાઢી હતી. મતદાન કર્મચારીઓ અને ઈવીએમ વીવીપીએટી મશીનો લાવવા માટે બીજી બસની વ્યવસ્થા કરવામાં આવી હતી. પરંતુ કેટલીક ટેકનિકલ ખામીના કારણે બસમાં આગ લાગી હતી.

# ઉત્તર-પૂર્વના લોકો ચીની જેવા, દક્ષિણના લોકો આફ્રિકન જેવા લાગે છે: સામ પિત્રોડા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

કોંગ્રેસના નેતા સામ પિત્રોડાએ તાજેતરમાં મધ્ય-ચૂંટણીમાં સંસાધનોની પુનઃવિતરણ અને વારસાગત કરની વાત કરીને નવો મુદ્દો ઉઠાવ્યો હતો. તેમના નિવેદનને આડે હાથ લેતા પીએમ મોદીએ કોંગ્રેસ પર પણ આકરા પ્રહારો કર્યા હતા. હવે તેમણે ફરી એક એવી વાત કહી છે, જેના પર તે ઘેરાઈ શકે છે. સામ પિત્રોડાએ એક મીડિયા હાઉસ સાથે વાતચીત દરમિયાન ભારતીયોના દેખાવ અંગે વાંધાજનક ટિપ્પણી કરી હતી. તેમણે કહ્યું કે ઉત્તર-પૂર્વ ભારતના લોકો ચીની જેવા દેખાય



છે. દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા છે અને ઉત્તર ભારતીયો કંઈક અંશે ગોરા છે. ભારતની વિવિધતાની વાત કરીએ તો સામ પિત્રોડાની આવી ટિપ્પણીઓ નવો વિવાદ સર્જી શકે છે. ઈન્ડિયન ઓવરસીઝ કોંગ્રેસના અધ્યક્ષ સામ પિત્રોડાએ કહ્યું, 'અમે અત્યાર સુધીની જેમ વિવિધતામાં એકતા જાળવી શકીએ છીએ. છેલ્લા ૭૫ વર્ષોમાં, અમે એક સારું વાતાવરણ બનાવ્યું છે જ્યાં દરેક વ્યક્તિ રહી શકે. તેમણે કહ્યું, 'ભારત જેવા વૈવિધ્યસભર દેશને આપણે સાથે રાખી શકીએ છીએ. પૂર્વ ભારતના લોકો ચીની જેવા દેખાય છે. પશ્ચિમના લોકો અરબી જેવા દેખાય છે, ઉત્તરના લોકો ગોરા જેવા અને દક્ષિણ ભારતીયો આફ્રિકન જેવા દેખાય છે. આ આટલું મહત્વ નથી રાખતું.

# ચીનની એક હોસ્પિટલમાં છરી લઈને ઘૂસેલા યુવકે ૧૦ને મોતને ઘાટ ઉતાર્યા



(એ.આર.એલ),બીજીંગ,તા.૮

દક્ષિણ-પશ્ચિમ ચીનની એક હોસ્પિટલમાં એક વ્યક્તિએ લોકો પર ચાકુ વડે હુમલો કર્યો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૦ લોકોના મોત થયા છે અને ૨૩ લોકો ઘાયલ થયા છે. હુમલાખોરનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. ઘટના અંગે જે સીસીટીવી ફૂટેજ સામે આવ્યા છે તેમાં એક વ્યક્તિ હોસ્પિટલ પરિસરમાં છરી લહેરાવતો જોઈ શકાય છે. ચીનની સત્તાવાર સમાચાર એજન્સી 'સિન્હુઆ'એ માહિતી આપતા કહ્યું કે આ ઘટના મંગળવારે યુનાન પ્રાંતમાં બની હતી. ગુઈઝોઉ પ્રાંતીય ટેલિવિઝન દ્વારા એક ઓનલાઈન પોસ્ટમાં, અનામી અધિકારીઓને ટાંકીને જણાવ્યું હતું કે હુમલામાં લગભગ ૨૩ લોકો ઘાયલ થયા છે. પોસ્ટમાં કહેવામાં આવ્યું છે કે એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી છે.

# ભારતીયોને રશિયા-યુક્રેન યુદ્ધ ક્ષેત્રમાં મોકલતા માનવ તસ્કરી નેટવર્કમાં કથિત રીતે સામેલ ચારની ધરપકડ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૮

સીબીઆઈએ ભારતીયોને રશિયા-યુક્રેન યુદ્ધ ક્ષેત્રમાં મોકલતા માનવ તસ્કરી નેટવર્કમાં કથિત રીતે સામેલ ચાર લોકોની ધરપકડ કરી છે. આમાં રશિયન સંરક્ષણ મંત્રાલયમાં કોન્ટ્રાક્ટ પર કામ કરતા અનુવાદકનો પણ સમાવેશ થાય છે. અધિકારીઓએ કહ્યું કે આ કેસમાં કેટલાક વધુ લોકોની ધરપકડ થઈ શકે છે. સીબીઆઈએ મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તપાસ એજન્સીએ કેરળના તિરુવનંતપુરમમાંથી બે ભરતી





કરનારા અરુણ અને યેસુદાસ જુનિયર ઉર્ફે પ્રિયનની ધરપકડ કરી હતી, જ્યારે અન્ય બે આરોપીઓ નિજીલ જોબી બેન્સમ હતા, જેઓ રશિયન સંરક્ષણ મંત્રાલયમાં કોન્ટ્રાક્ટ ટ્રાન્સલેટર હતા અને મુંબઈ નિવાસી એન્થોની માઈકલ એલાન્ગોવનની ૨૪ એપ્રિલે ધરપકડ કરવામાં આવી હતી. બેન્સમ અને એલાન્ગોવન ન્યાયિક કસ્ટડીમાં છે. બેન્સમ રશિયન આર્મીમાં ભારતીય નાગરિકોની ભરતી કરવા માટે રશિયામાં કાર્યરત નેટવર્કના મુખ્ય સભ્યોમાંનો એક હતો. નિવેદન અનુસાર, એન્થોની માઈકલ દુબઈમાં તેના સહ-આરોપી ફૈઝલ બાબા અને રશિયા સ્થિત અન્ય લોકોને ચેન્નાઈમાં વિઝા પ્રક્રિયા પૂર્ણ કરવામાં અને પીડિતો માટે રશિયા જવા માટે એર ટિકિટ બુક કરાવવામાં મદદ કરી રહ્યો હતો.

# લિવ-ઇન રિલેશનશિપ ભારતીય સંસ્કૃતિ માટે 'કલંક' છે: છત્તીસગઢ હાઈકોર્ટ



(એ.આર.એલ),રાંચી,તા.૮

છત્તીસગઢ હાઈકોર્ટે લિવ ઈન રિલેશનશીપને લઈને મહત્વનો નિર્ણય સંભળાવ્યો છે. કોર્ટે કહ્યું છે કે આ ભારતીય સંસ્કૃતિનું અપમાન છે. હાઈકોર્ટ (છત્તીસગઢ હાઈકોર્ટ)એ તેની ટિપ્પણીમાં કહ્યું કે આ પશ્ચિમી દેશ દ્વારા લાવવામાં આવેલ વિચારસરણી છે, જે ભારતીય રિવાજોની સામાન્ય અપેક્ષાઓથી વિરુદ્ધ છે. છત્તીસગઢ હાઈકોર્ટે દંતેવાડા સાથે જોડાયેલા એક કેસમાં આ નિર્ણય આપ્યો છે. જસ્ટિસ ગૌતમ ભાદુરી અને સંજય એસ અગ્રવાલની ડબલ બેન્ચે લિવ-ઈન રિલેશનશિપમાંથી જન્મેલા બાળકની કસ્ટડીના કેસમાં કડક ટિપ્પણી કરી હતી. વાસ્તવમાં પિતાએ બાળકની કસ્ટડીને લઈને હાઈકોર્ટમાં અરજી કરી હતી. આ જ કેસની સુનાવણી બાદ કોર્ટે આ અરજી ફગાવી દીધી હતી. આકરી ટીપ્પણી કરતાં કોર્ટે કહ્યું હતું કે સમાજના કેટલાક વર્ગોમાં અપનાવવામાં આવેલ લિવ-ઈન રિલેશનશિપ હજુ પણ ભારતીય સંસ્કૃતિમાં કલંક સમાન છે, કારણ કે લિવ-ઈન રિલેશનશિપ એક આયાતી ખ્યાલ છે, જે સામાન્ય અપેક્ષાઓથી વિરુદ્ધ છે.

# ઈવીએમ હેક કરી વોટ વધારવા માટે શિવસેનાના નેતા પાસે લાંચ માગનાર સેનાનો જવાન પકડાયો

(એ.આર.એલ),મુંબઈ,તા.૮

લોકસભા ચૂંટણીની વચ્ચે શિવસેના નેતા અંબાદાસ દાનવે પાસે સેનાના જવાને ઈવીએમ હેક કરી વોટ વધારવા માટે ૨.૫ કરોડ રૂપિયાની માગણી કરી. પોલીસે આ મામલે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર શહેરમાં સેનાના જવાનની ધરપકડ કરી લીધી છે. આરોપીનું નામ મારુતિ ઢાકને છે અને તે મહારાષ્ટ્રના અહમદનગર જિલ્લાના પાથર્ડીનો રહેવાસી છે. ૪૨ વર્ષીય આરોપીએ કથિત રીતે એક ચિપના માધ્યમથી ઈલેક્ટ્રોનિક વોટિંગ મશીનને હેક કરવા માટે શિવસેના નેતા પાસે પૈસાની માંગ કરી હતી. સાથે જ તેણે દાવો કર્યો કે તેનાથી એક વિશેષ ઉમેદવારને વધુ વોટ મેળવવામાં મદદ મળી છે. રાજ્ય વિધાન પરિષદમાં વિપક્ષના નેતા દાનવેએ આરોપી સામે પોલીસમાં એક લેખિત ફરિયાદ નોંધાવી. મંગળવારે સાંજે લગભગ ૪ વાગે આરોપીએ ત્યાં કેન્દ્રીય બસ સ્ટેન્ડ પાસે એક હોટલમાં સેના (યુબીટી) નેતાના નાના ભાઈ રાજેન્દ્ર દાનવે સાથે મુલાકાત કરી. વાતચીત બાદ ડીલ ૨.૫ના બદલે ૧.૫ કરોડ રૂપિયામાં નક્કી થઈ. અંબાદાસ દાનવે દ્વારા આપવામાં આવેલી જાણકારીના આધારે સિવિલ ડ્રેસમાં એક પોલીસ ટીમ પહેલા જ હોટલ પર મોકલી દેવાઈ હતી.

# રાજસ્થાન હાઈકોર્ટના આદેશ બાદ ૧૧ વર્ષ પછી ૨૫,૦૦૦ લોકોને વીજ કનેક્શનની મંજૂરી મળી

(એ.આર.એલ),જયપુર,તા.૮



રાજસ્થાનની રાજધાની જયપુરના પૃથ્વીરાજ નગરના રહેવાસીઓને ૧૧ વર્ષ બાદ આખરે હાઈકોર્ટમાંથી મોટી રાહત મળી છે. હાઈકોર્ટે પૃથ્વીરાજ નગરમાં સોસાયટી લીઝ પરના મકાનોને વીજ કનેક્શનને મંજૂરી આપી છે. ૨૫ હજાર સોસાયટી લીઝ ધારકો હવે તેમના ઘરોમાં વીજ જોડાણ મેળવી શકશે. ડિવિઝન બેન્ચે હાઈકોર્ટની સિંગલ બેન્ચના ૫ જુલાઈ, ૨૦૧૩ના આદેશને પણ હટાવી લીધો છે, જેમાં પૃથ્વીરાજ નગરમાં સોસાયટી લીઝના કનેક્શન પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો. જસ્ટિસ પંકજ ભંડારી અને શુભા મહેતાએ શકુંતલા શર્મા બાબુલાલ અને અન્ય લોકોની અરજી પર આ આદેશ આપ્યો છે. ડિવિઝન બેન્ચે પોતાના આદેશમાં કહ્યું છે કે પૃથ્વીરાજ નગરમાં સોસાયટી લીઝ પર સિંગલ બેન્ચનો નિર્ણય નિયમો અને વિનિયમો ૨૦૧૩ની કલમ ૪૩ની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. હવે સોસાયટી લીઝ ધારકો ૧૧ વર્ષ બાદ વીજ જોડાણ મેળવી શકશે. આ કેસમાં પ્રતિનિધિત્વ કરી રહેલા એડવોકેટ પ્રહલાદ શર્માનું કહેવું છે કે સોસાયટી લીઝ પર મકાનો બાંધ્યા પછી જો કોર્ટનો કોઈ આદેશ નાગરિકોના મૂળભૂત અધિકારોની વિરુદ્ધ હોય તો તેનો અમલ કરવામાં આવશે નહીં.

**CHANGE OF NAME & SURNAME**

I Undersigh BAMBHANIYA DHRUV HARUBHAI have changed my name from BAMBHANIYA DHRUVBHAI HARUBHAI To BAMBHANIYA DHRUV HARUBHAI (New) Now i will be known as BAMBHANIYA DHRUV HARUBHAI (new)

Sigh : BAMBHANIYA DHRUV HARUBHAI

Date: 08/05/2024

Address: MASTER SERI,AT-VADHERA,POST-KADIYALI,TAL-JAFRABAD,DIST-AMRELI-365560 GUJARAT,

### મતદાન બાદ ફરી પરશોતમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની માફી માંગી

# મારા કારણે પાર્ટીને સહન કરવું પડ્યુ તે પીડાદાયક : રૂપાલા

(એ.આર.એલ),રાજકોટ,તા.૮

રાજ્યમાં લોકસભાની ૨૫ બેઠકો અને વિધાનસભાની પાંચ બેઠકો માટે મંગળવારે શાંતિપૂર્વક મતદાન યોજાયુ હતું. જે બાદ આજે રાજકોટના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય મંત્રી પરશોત્તમ રૂપાલાએ મીડિયાને સંબોધન કરીને ફરીથી ક્ષત્રિય સમાજની માફી માંગી છે. પરશોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજને વિનંતી કરતા કહ્યુ છે કે, 'હવે મતવાળો વિષય નથી રહ્યો અને રાજકીય વિષય નથી રહ્યો. ત્યારે હવે હું પરશોત્તમ રૂપાલા, ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે આજે હું નમ્રતાપૂર્વક સમગ્ર ક્ષત્રિય સમાજની માફી માંગુ છું. હું ક્ષત્રિય સમાજની માતૃ શક્તિને પણ માફ કરવાની વિનંતી કરું છું.'



પરશોત્તમ રૂપાલાએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યુ કે, 'મારા નિવેદનોને કારણે વમળો સર્જાયા અને જાહેર જીવનના મારા ૪૦ વર્ષના ગાળાના સૌથી કપરા સમયમાંથી મારે પસાર થવું પડ્યુ. મારે કહેવું છે કે મારી ભૂલ થઈ ગઈ, મારાથી ભૂલ થઈ ગઈ જેનાથી ક્ષત્રિય સમાજને ઉત્તેજીત થવું પડ્યું. જેના કારણે મારી પાર્ટીને પણ સહન કરવું પડ્યુ. જે ઘણું પીડાદાયક રહ્યુ છે.'

રૂપાલાએ વધુમાં જણાવ્યુ કે, મારા વ્યક્તવ્ય મારી પાર્ટી માટે પ્રોત્સાહક રહેતા હતા તેના બદલે હું જ્યારે ઉમેદવાર હોવ ત્યારનું મારું એક નિવેદન મારી પાર્ટીને મુશ્કેલીમાં મુકનાર બન્યુ છે. જેની સઘળી જવાબદારીને હું સ્વીકારું છું. અમારા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ પાટીલ સાહેબે પણ ક્ષત્રિય સમાજ સામે દિલગીરી વ્યક્ત કરી હતી. તેમણે પણ પ્રયાસો કર્યા હતા. તેનો નિમિત્ત માત્ર હું છું. હું પણ માણસ છું અને માણસ માત્ર ભૂલને પાત્ર, મારાથી પણ ભૂલ થઈ ગઈ છે. તેમણે વધુમાં જણાવ્યુ કે, 'તે સમયે પણ ક્ષત્રિય સમાજ પાસે માફી માંગી હતી. હવે મતદાનની પ્રક્રિયા પુરી થઈ છે ત્યારે હવે કોઈ મતવાળો વિષય નથી અને રાજકીય વિષય પણ નથી.

# રાજ્યમાં ૬૦ ટકા ઓછુ મતદાન થતા અમિત શાહે રાતોરાત કાર્યકર્તાઓની બેઠક યોજી

## મતદાનના આંકડા ભાજપની જીતનું ગણિત ઉંધુ પાડી શકે



(એ.આર.એલ),ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં મતદાન બાદ સાંજે આંકડા આવતા જ રાજકીય પક્ષોનું ટેન્શન વધી ગયું છે. કારણ કે, ગુજરાતમાં ૨૫ બેઠકો પર સરેરાશ ૬૦ ટકાથી ઓછું મતદાન થયું છે. વલસાડ ૭૨ ટકા વોટિંગ સાથે અવ્વલ છે, તો અમરેલીમાં માત્ર ૪૯ ટકા મતદાન નોંધાયું છે. ગુજરાતમાં લોકસભાની ૨૫ બેઠકો પર સરેરાશ ૬૦% મતદાન જ થયું છે. મતદાનના આંકડા આવતા જ ગાંધીનગરમાં મોટી હલચલ જોવા મળી હતી. કારણ કે, મતદાનના આંકડા ભાજપની જીતનું ગણિત ઉંધુ પાડી શકે છે. ઓછું મતદાન જોતા જ કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હી જવાનું ટાળીને રાતોરાત ગાંધીનગરમાં બેઠકોનો ધમધમાટ શરૂ કર્યો હતો અને પરિણામની ચર્ચા કરી હતી.

બપોર બાદ ધીમુ મતદાન અને સાંજ પછી ઓછા મતદાનના આંકડાથી ભાજપના પેટમાં ફાળ પડી છે. કારણ કે, માનો ય ન માનો, પરંતુ ક્ષત્રિય આંદોલનની અસરથી ભાજપના કાર્યકરોની મહેનત ઊંધી પડી છે. તેમાં પણ ભાજપમાં આંતરિક નારાજગી પણ જોવા મળી હતી. ત્યારે આ પરિણામથી શું અસર થશે તે અંગે મતદાન પછી અમિત શાહે મોડી રાત સુધી કમલમમાં પ્રદેશના નેતાઓ સાથે ચર્ચાઓ કરી હતી. કેન્દ્રીય ગૃહમંત્રીએ દિલ્હી જવાનું ટાળી સંભવિત પરિણામ અંગે સમીક્ષા કરી હતી.

ભાજપે ગુજરાતની ૨૫ બેઠકો પર ૫ લાખ લીડનો ટાર્ગેટ સેટ કર્યો હતો. પરંતુ ઓછા મતદાનથી ભાજપનું પાંચ લાખ લીડથી દરેક બેઠક જીતવાનું સપનું ચકનાચૂર થઈ શકે છે. તેથી હવે ભાજપે આ માટે મંથન શરૂ કર્યું છે. કઈ બેઠકમાં કોંગ્રેસને કેટલો ફાયદો થશે અને ભાજપને ક્યાં ફાયદો થશે તે અંગે મંથન શરૂ કરવામાં આવ્યું છે. આ કારણે અમિત શાહે દિલ્હી જવાનું ટાળ્યુ હતું.

દિલ્હી જવાને બદલે અમિત શાહ રોકાઈ ગયા હતા. સૂત્રો અનુસાર, કમલમમાં મોડી રાતે યોજાયેલી બેઠકમાં પ્રદેશ ભાજપના નેતાઓ, હોદ્દેદારો અને વિવિધ બેઠકના પ્રભારી હાજર રહ્યા હતા. તો બીજી બેઠક અમદાવાદના એસજી હાઈવે સ્થિત કાર્યાલયમાં પણ યોજાઈ હતી. ભાજપની આ બેઠકો ચર્ચાનું કેન્દ્ર બની હતી. કારણ કે, આ બેઠકોમાં પાર્ટીના કયા નેતાઓ નારાજ છે અને કાર્યકર્તાઓની નારાજગી અંગે ચર્ચા થઈ હતી.

આ ઉપરાંત આ બેઠકમાં કોંગ્રેસ પણ ચર્ચાનો મુદ્દો બન્યો હતો. કઈ બેઠકો પર કોંગ્રેસનું પલડુ ભારે છે, કેટલીક બેઠકો પર વિપક્ષનું પલડું ભારે છે અને આ બેઠકો પર શું ફાયદો થશે તે અંગે ચર્ચા થઈ હતી.

# સુરતના મતદારો મતદાનથી વંચિત સોશિયલ મીડિયામાં રોષ ઠાલવ્યો

સુરત,તા.૮

લોકસભાની સુરત બેઠક બિનહરીફ જાહેર થતાં શહેરની સુરત પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, કતારગામ, વરાછા અને કરંજ વિધાનસભા બેઠકના વિસ્તારોમાં મંગળવારે ચૂંટણી થઈ ન હતી. આવા ૧૭ લાખથી વધુ મતદારો માટે મંગળવાર જાણે અમંગળ સાબિત થયો હતો. એક તરફ મતદારોમાં નારાજગી જોવા મળી હતી ત્યારે પહેલીવાર મતદાન કરનારા યુવાઓ મત નહીં આપી શકતાં ઘણાએ



સોશિયલ મીડિયામાં રોષ ઠાલવી પોસ્ટ મૂકી હતી કે, 'નસીબ જ ખરાબ છે, મત આપી ન શક્યા'. આ પૈકી ઘણા મતદારોનું કહેવું હતું કે, ભાજપ, કોંગ્રેસ સહિતના રાજકીય પક્ષોએ પોતપોતાનો ખેલ પાડી દીધો ને મતદારો જોતા જ રહી ગયા.

# જૂનાગઢ જિલ્લામાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

જૂનાગઢ,તા.૮

જૂનાગઢ શહેર અને જિલ્લામાં આજે બપોરે ૩ વાગ્યાના અરસામાં લોકોએ ભૂકંપના આંચકાનો અનુભવ કર્યો હતો. બપોરે સવા ત્રણથી સાડા ત્રણ વચ્ચે બે આંચકા અનુભવાતા લોકો ઘરની બહાર દોડી આવ્યા હતા. આંચકાનું કેન્દ્રબિંદુ તાલાળા નજીક નોંધાયું હતું. જૂનાગઢ શહેરમાં આજે બપોરે ૩ વાગીને ૧૪ મિનિટે ભૂકંપનો આંચકો નોંધાયો હતો. જેની તીવ્રતા ૩.૭ રિકટર સ્કેલની નોંધાઈ છે. ત્યારબાદ ચાર



મિનિટના અંતરે બીજો આંચકો નોંધાયો હતો, જેની તીવ્રતા ૩.૪ રિકટર સ્કેલની નોંધાઈ છે. બંને આંચકાનું કેન્દ્રબિંદુ તાલાળા પાસે નોંધાયું હતું.

આજે બપોરે આવેલ ભૂકંપના બે આંચકાનો અનુભવ જૂનાગઢ શહેર ઉપરાંત સાસણ પંથકના લોકોએ પણ કર્યો હતો.

# આજે ધો.૧૨ સાયન્સ અને સામાન્ય પ્રવાહનું પરિણામ થશે જાહેર : સવારના ૯ વાગ્યાથી વેબસાઈટ પર જોઈ શકાશે

ગાંધીનગર,તા૮

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષા માર્ચ મહિનામાં પૂર્ણ થઈ હતી. પરીક્ષા પૂર્ણ થતા પરિણામની વિદ્યાર્થીઓ આતુરતાથી રાહ જોઈ રહ્યા હતા. ત્યારે હવે આજે ધોરણ ૧૨નું પરિણામ જાહેર થશે. ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહ તથા વિજ્ઞાન પ્રવાહનું પરિણામ સાથે જ જાહેર થશે. બંને પ્રવાહના ભેગા મળી કુલ ચાર લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર પરિણામ જોઈ શકશે. આજે સવારે ૯:૦૦ વાગે બોર્ડની વેબસાઈટ પર ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું પરિણામ



જાહેર થશે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક લાખથી વધુ તથા ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૩.૫૦ લાખથી વધુ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી. પરીક્ષા બાદ પરિણામ વહેલું જાહેર થાય તેવી અટકળ હતી. ત્યારે બોર્ડ દ્વારા આજે પરિણામ જાહેર કરવાની જાહેરાત કરી છે. વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ gseb.org પરથી પોતાના સીટ નંબર નાખી પરિણામ જોઈ શકશે.

# ગુજરાતમાં કમોસમી વરસાદની આગાહી કરતું હવામાન વિભાગ

## તા.૧૧ થી તા.૧૩ સુધી રાજયમાં છુટોછવાયો વરસાદ

ગાંધીનગર,તા.૮

ગુજરાતમાં બેવડી ઋતુના મારની આગાહી કરાઈ છે. જેમાં ગરમીના પ્રકોપની વચ્ચે કમોસમી વરસાદની આગાહી છે. દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદ પડશે. છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં હળવો વરસાદ પડી શકે છે. તો ગુજરાતમાં ગરમીને લઈને પણ આગાહી કરાઈ છે. IMDએ આગાહી કરી છે કે આગામી ૫ દિવસોમાં ગુજરાત, રાજસ્થાન અને પશ્ચિમ મધ્યપ્રદેશ સહિત દેશના વેસ્ટર્ન રીઝનમાં લૂ ફૂંકાવાની સંભાવના છે. દરિયાકિનારાના વિસ્તારોમાં ભેજવાળા પવનો



ફૂંકાશે. આગામી દિવસોમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી શરૂ થશે. ઉત્તર ભારતમાં પ્રિ-મોન્સુન એક્ટિવિટી ભારે પવનના ઝાપટા અને વાવાઝોડા સાથે ખતરનાક બનશે. આરબ દેશમાંથી આવતી ધૂળની અસર પાકિસ્તાનના અન્ય ભાગો, કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતને થશે. IMD અમદાવાદ દ્વારા કરાયેલી આગાહી અનુસાર, ૧૧મી મેના રોજ ડાંગમાં છૂટાછવાયો વરસાદ, ૧૨મી અને ૧૩મી મેના રોજ છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં વરસાદ પડી શકે છે.

# દાહોદમાં ભાજપ નેતાના પુત્રએ બૂથ હાઈજેક કર્યું

(એ.આર.એલ),દાહોદ,તા.૮

ગુજરાતમાં તા.૭ મેના રોજ તમામ લોકસભા બેઠકો પર શાંતિપૂર્વક મતદાન થયું હતું. પરંતુ શાંતિપૂર્વક મતદાન વચ્ચે દાહોદ લોકસભા બેઠક પર મોટી ઘટના બની હતી. જેનો વીડિયો હાલ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે. દાહોદ લોકસભા બેઠકમાં બિહારવાળી થઈ હતી. મહીસાગરના સંતરામપુર તાલુકાના પરથમપુર ગામમાં બૂથ કેપ્ચરીંગ કરાયું હતું. આ ઘટનામાં ભાજપના જ નેતાના પુત્રે બુથ કેપ્ચરીંગ કર્યુ હતું. ઉપરથી તેણે બુથ કેપ્ચરીંગની સમગ્ર ઘટના સોશિયલ મીડિયા પર લાઈવ કરી હતી.

દાહોદ લોકસભામાં ભાજપ નેતાના પુત્ર વિજય ભાભોરે બૂથમાં ઘૂસી ઈવીએમ કેપ્ચર કર્યું હતું. વિજય ભાભોરે પોતાના



સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર આખી ઘટના લાઈવ પણ કરી હતી. એટલું જ નહિ, વિજય ભાભોરે અન્ય લોકો સાથે મળી ભાજપ ઉમેદવાર માટે બોગસ વોટિંગ પણ કર્યુ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે. વિજય ભાભોરે બૂથના અધિકારી, કર્મચારીઓને ગાળો પણ ભાંડી હતી. કાયદા કે ચૂંટણી પંચનો જાણે કોઈ ખૌફ જ ન હોય તેમ ભાજપ નેતાના પુત્રએ બૂથને હાઈજેક કર્યું હતું. વિજય ભાભોરે ઈવીએમ પોતાની સાથે લઈ જવાની પણ વાત કરી હતી. સમગ્ર વીડિયો વાયરલ થતાં વિજય ભાભોરે વીડિયો સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પરથી ડિલિટ કર્યો હતો. પરંતુ ત્યાં સુધી લાખો લોકોએ આ બુથ કેપ્ચરીંગની આ ઘટના લાઈવ નિહાળી હતી. દાહોદમાં બૂથ કેપ્ચરિંગની ફરિયાદ મામલે મોટા સમાચાર સામે આવ્યા છે. દાહોદમાં બૂથના વાયરલ વીડિયો મામલે ચૂંટણી પંચે રિપોર્ટ મંગાવ્યો છે.

# વડોદરાના જરોદ પોલીસ સ્ટેશનમાં ૨૫ વાહનો આગમાં સ્વાહા

વડોદરા,તા.૮

વડોદરા જિલ્લાના જરોદ પોલીસ સ્ટેશન પાસે આજે બપોરે લાગેલી આગના બનાવમાં પોલીસ સ્ટેશન દ્વારા કબજે કરવામાં આવેલા સંખ્યાબંધ વાહનોને નુકસાન થયું હતું. વાઘોડિયા તાલુકામાં વડોદરા હાલોલ રોડ પર આવેલા જરોદ પોલીસ સ્ટેશન પાસે ખુલ્લામાં પોલીસ દ્વારા જુદા જુદા ગુનામાં કબજે કરવામાં આવેલા વાહનો રાખવામાં આવ્યા હતા. આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં કચરામાં આગ લાગ્યા બાદ નજીકમાં ખડકાયેલા વાહનોમાં પણ આગ પ્રસરતા



અનેક વાહનો લપેટમાં આવી ગયા હતા. જેથી વડોદરા ફાયર બ્રિગેડની મદદ લેવામાં આવી હતી. પ્રાથમિક વિગતો મુજબ, આગમાં ૧૫ જેટલા ટુ-વ્હીલર, ૭ કાર, ટેમ્પો અને રીક્ષા જેવા વાહનોને નુકસાન થયું. ફાયર બ્રિગેડે આગ કાબુમાં લઈ વધુ નુકસાન અટકાવ્યું હતું.

સમગ્ર સૌરાષ્ટ્રભરમાં પાણીના બોર માટેનું વિશ્વાસપાત્ર નામ



ટાઈગર બોરવેલના વધારે વિડીયો જોવા માટે YouTube ચેનલમાં TIGER BORWELL સબસ્ક્રાઈબ કરો
કુવાના આડા બોર
૩ ઈંચ થી ૪ાાા - ૫૦૦ ફુટ સુધી કરાવવા માટે મળો
ટાઈગર TIGER BORWEL બોરવેલ
પિયુષભાઈ પટેલ મો.૯૮૨૫૨ ૧૨૬૭૪
કનુભાઈ સાંખટ મો.૭૬૨૨૯૮૨૭૨૨

હોસ્પિટલ માટે સ્ટાફ જોઇએ છે
મેડીકલ ઓફીસર
M.B.B.S./B.H.M.S./B.A.M.S.
પગાર ધોરણ : ૧૩,૫૦૦/- થી ૧૬,૦૦૦/-
લેડીઝ પર્સન : દિવસ માટે (Day shift)
જેન્ટસ પર્સન : રાત્રી માટે (Night shift)
નર્સીંગ સ્ટાફ
G.N.M./A.N.M./G.D.M./B.Sc.Nursing
પગાર ધોરણ : ૯,૦૦૦/- થી ૧૧,૦૦૦/-
લેડીઝ પર્સન : રાત્રિ માટે (Night shift)
મેડીકલ સ્ટોર
જેન્ટ્સ પર્સન : દિવસ માટે (Day shift)
ઈન્ટરવ્યુ માટે રૂબરૂ મળવું, ફોન કરવો નહીં
નારી વુમન્સ & ચિલ્ડ્રન્સ હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

એજન્સી આપવાની છે
અમરેલી જિલ્લાના તમામ ગામોમાં એજન્સી આપવાની છે
રસ ધરાવતા લોકોએ સંપર્ક કરવો
મો.૯૮૭૯૩ ૭૪૬૦૧
કાગળ તો થયા મોંઘા પણ અખબાર થયું સસ્તું
માત્ર રૂપિયા ૬૯૯/- માં મેળવો આખું વર્ષ અખબાર
સંજોગ ન્યૂઝની ધમાકેદાર વાર્ષિક લવાજમ યોજના
૧/૧૧/૨૦૨૩ થી ૩૧/૧૦/૨૦૨૪
સપ્તાહના સાતેય દિવસ અમરેલીમાંથી પ્રકાશિત થતુ એક માત્ર દૈનિક એટલે સંજોગ ન્યૂઝ
સાથે સપ્તાહમાં બે દિવસ પૂર્તિનો રસથાળ

સંજોગ ન્યૂઝ
આપણી વાત, આપણું અખબાર...
સંજોગ ન્યુઝના વાર્ષિક લવાજમ યોજનાનો લાભ લેવા માટે તમારા શહેર અને ગામના એજન્ટોનો સંપર્ક કરવો